# અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો

સન ૨૦૦૩ થી ૨૦૦૭ દરમિયાન
ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ
આપેલા અગત્યના નિર્ણયો

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦
૨૦૦૭

# પ્રસ્તાવના

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સન ૨૦૦૩ થી ૨૦૦૭ દરમિયાન સભાગૃહમાં આપેલા અગત્યના નિર્ણયોનો આ સંદર્ભમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સંદર્ભમાં સરળતા માટે સંગ્રહને અંતે સૂચિપત્ર આપ્યુ છે. આશા છે કે આ સંગ્રહ વિધાનસભાના સભ્યો અને બીજા સંબંધકર્તાઓને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

તા.૧૩–૧૨–૨૦૦૭

ડી.એમ.પટેલ

સચિવ

ગુજરાત વિધાનસભા સચિવાલય

# અગિયારમી ગુજરાત વિધાનસભા

## અનુક્રમણિકા


| અનુક્રમ | વિષય | નિર્ણય ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | **અંદાજપત્ર :–** | | |
| | – લેખાનુદાન પ્રસ્તાવ | ૧ | |
| ૨ | **ચર્ચા :–** | | |
| | – કારોબારી અને ન્યાયતંત્ર | ૨ | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૩ | |
| | –માગણી પર ચર્ચા અને મતદાન | ૪ | |
| ૩ | **ઝીરો અવર :–** | | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૫ | |
| ૪ | **તાકીદની જાહેર અગત્યની બાબત :–** | | |
| | – સભ્યશ્રીની ગેરહાજરી | ૬ | |
| ૫ | **નિવેદન :–** | | |
| | –નિયમ–૪૪ હેઠળ નિવેદન | ૭ | |
| ૬ | **પ્રશ્નો :–** | | |
| | – આક્ષેપો | ૮ | |
| | – પૂરક પ્રશ્નો | ૯ | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૧૦ | |
| | – પ્રશ્નકર્તા સભ્યશ્રીનું અંગતહિત | ૧૧ | |
| | – નિરીક્ષણ | ૧૨ | |
| ૭ | **પ્રસ્તાવ** :– | | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૧૩ | |
| ૮ | **બિન સરકારી સંકલ્પો :–** | | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૧૪ | |
| ૯ | **રાજ્યપાલશ્રીનું સંબોધન :–** | | |
| | – આભાર પ્રસ્તાવ | ૧૫–૧૬ | |
| ૧૦ | **વિધેયકો :–** | | |
| | – કામકાજ સલાહકાર સમિતિ | ૧૭–૧૮ | |
| | – ન્યાયતંત્રની ગરિમા | ૧૯ | |
| | – પુનઃ વિચારણા માટે પરત થયેલ વિધેયકો | ૨૦ | |
| | – પોંઈન્ટ ઓફ ઓર્ડર | ૨૧ | |
| ૧૧ | **સમિતિ :–** | | |
| | – કામકાજ સલાહકાર સમિતિ | ૨૨ | |

૧. અંદાજપત્ર :

**લેખાનુદાન પ્રસ્તાવ :**

**લેખાનુદાન પ્રસ્તાવ ઉપરની ચર્ચા સામાન્ય સ્વરૂપની હોવી જોઈએ.**

તા. ૨૦–૨–૦૪ના રોજ સન ૨૦૦૪–૦૫ના નાણાકીય વર્ષના અંદાજપત્રની રજૂઆત વખતે નાણા મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં કેટલીક નવી યોજનાઓની જાહેરાતો કરી હતી. તે જાહેરાતો સંબંધે તા. ૨૪–૨–૦૪ (પહેલી બેઠક) ના રોજ લેખાનુદાન પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી ભરતભાઈ સોલંકીએ નવી યોજનાઓ અંગેની જાહેરાતોના ઔચિત્ય તથા તેની કાયદેસરતા અંગે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી તે જાહેરાતો રેકર્ડ પરથી દૂર કરવા માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી. અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ ) એ નીચે મુજબ નિર્ણય આપ્યો.

" ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૬ની જોગવાઈ અનુસાર અંદાજપત્ર રજૂ થાય તે પછીના કોઈ પણ દિવસે નાણાકીય વર્ષના ભાગ માટે અંદાજેલા ખર્ચ સંબંધમાં અગાઉથી આપવાના કોઈ પણ અનુદાન માટે પ્રસ્તાવ રજૂ કરી શકાય છે અને નિયમ ૨૩૬ (૪)ની જોગવાઈ મુજબ આવા પ્રસ્તાવ ઉપર સામાન્ય સ્વરૂપની ચર્ચા કરી શકાય છે પરંતુ સામાન્ય મુદ્દાઓની ચોખવટ માટે જરૂરી હોય તે કરતાં વિશેષ વિગતો ઉપર ચર્ચા કરી શકાતી નથી. નિયમોની જોગવાઈ મુજબ લેખાનુદાન લેવા માટે અંદાજપત્ર રજૂ કરવું જરૂરી બને છે અને તે રજૂ કરતી વખતે નાણામંત્રી અંદાજપત્ર પરનું પ્રવચન પણ કરી શકે છે. ગુજરાત વિધાનસભાની ભૂતકાળની પ્રણાલિકાઓ પ્રમાણે જયારે પણ લેખાનુદાન લેવામાં આવ્યું છે ત્યારે પ્રથમ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે અને તે રજૂ કરતી વખતે નાણા મંત્રીશ્રીએ જે પ્રવચન કર્યુ છે તેમાં યોજનાઓ અંગે કેટલીક જાહેરાતો પણ કરવામાં આવી છે. આ સંજોગોમાં હું માનનીય સભ્યશ્રી ભરતભાઈ સોલંકીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું.

અત્રે એક બાબત મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાની છે કે અંદાજપત્ર રજૂ કરતી વખતે નાણા મંત્રીશ્રી એ જે પ્રવચન કર્યુ છે અને જે કેટલીક જાહેરાતો કરી છે તે અંગે આ સભાગૃહમાં જયારે નાણામંત્રી પૂર્ણ સ્વરૂપનું અંદાજપત્ર રજૂ કરશે ત્યારે ચર્ચા કરવાની વિશાળ તક મળી રહેશે. આ તબકકે નાણામંત્રીશ્રી લેખાનુદાનનો જે પ્રસ્તાવ લાવ્યા છે કે જેમાં રાજય સરકારનો વહીવટ ચલાવવા માટેના સ્થાયી ખર્ચાઓનો સમાવેશ થાય છે અને તેમાં કોઈ નવા ખર્ચનો સમાવેશ થતો નથી ત્યારે ચર્ચા માટેની તક પણ સીમિત રહે છે. આથી ફરી એકવાર હું સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ પ્રસ્તાવની મર્યાદામાં ચર્ચા કરે. "

**(ગુ.વિ.સ., ચર્ચા શ્રેણી–૩ પુસ્તક–૧૦૩: ૨૦૦૪)**

**૨. ચર્ચા :**

**પોઈન્ટ ઓફ ઓર્ડર :**

**કારોબારી અને ન્યાયતંત્ર :**

**" સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે " તેવા ઉચ્ચારણો કારોબારી એ ન્યાયતંત્રથી ઉતરતા દરજ્જાની વ્યવસ્થા છે તેવો ભાવ પ્રગટ કરે છે.**

તા. ૨૧–૩–૨૦૦૩ (બીજી બેઠક)માં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન સભ્ય ડૉ. દિનેશભાઈ પરમારે તેમના વકતવ્યમાં " સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે"

એવાં ઉચ્ચારણો કરતાં તે સામે સભ્યશ્રી મહેન્દ્રભાઈ મશરૂએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આવા વાંધાજનક ઉચ્ચારણો રેકર્ડ પરથી દૂર કરવા માગણી કરી હતી.

આ સંબધમાં અધ્યક્ષશ્રીએ રેકર્ડ તપાસી ઉકત મુદ્દા અંગે તા. ૨૮–૩–૨૦૦૩ના રોજ નીચે મુજબ નિર્ણય આપ્યો.

" તા. ૨૧–૩–૨૦૦૩ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ પરની ચર્ચા અને મતદાન દરમિયાન સભ્ય ડૉ. દિનેશ પરમારે તેમના વકતવ્યમાં " સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે" એવા કરેલાં ઉચ્ચારણો સામે સભ્યશ્રી મહેન્દ્રભાઈ મશરૂએ વાંધો લઈ એ ઉચ્ચારો રેકર્ડ પરથી દૂર કરવા માગણી કરી હતી. આ સંબધમાં સભ્યશ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રી બિમલભાઈ શાહ, શ્રી પ્રવિણભાઈ મારૂ, શ્રી ઉસ્માનગની દેવડીવાલા તથા શ્રી ચંદ્રકાંતભાઈ પટેલે પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતાં. આ અંગે રેકર્ડ જોયા પછી નિર્ણય આપીશ, તેમ જણાવી તત્સમયે મેં મારો નિર્ણય મુલતવી રાખ્યો હતો.

આપણે સૌ જાણીએ છીએ કે લોકશાહી શાસન વ્યવસ્થાના મુખ્ય ત્રણ અંગો કારોબારી, વિધાનમંડળ અને ન્યાયતંત્ર એ બંધારણ હેઠળ તેમને સોંપવામાં આવેલ સત્તાની મર્યાદામાં રહીને સ્વંતત્ર રીતે પોતાની ફરજો બજાવવાની રહે છે. તેની સાથોસાથ આ ત્રણે અંગોએ એકબીજાની સત્તા તથા ફરજોનો પણ આદર કરવાનો રહે છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં જનસમુદાયનું પ્રતિનિધિત્વ કરતું વિધાનમંડળ સૌથી અગ્રસ્થાને છે. રાજય વહીવટ ચલાવવા માટેની નીતિનું ઘડતર તથા ધારા ઘડવાનું સૌથી મહત્વનું કાર્ય વિધાનમંડળ કરે છે. વિધાનમંડળે ઘડેલી નીતિઓ તથા કાયદાનો અમલ કારોબારી તંત્ર એટલે કે સરકારે કરવાનો રહે છે. વિધાનમંડળે ધડેલા કાયદાનું અર્થઘટન કરવાનો અધિકાર ન્યાયતંત્રનો છે જેમાં તે સ્વતંત્ર છે. સભ્યશ્રી ડૉ. દિનેશ પરમારે તેમના વકતવ્યમાં " સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે," તેવા જે ઉચ્ચારણો કરેલાં છે તે અસંસદીય નથી પરંતુ લોકશાહી શાસન વ્યવસ્થામાં ઉપર જણાવેલ ત્રણે અંગોમાંથી એક અંગ બીજા અંગથી ચડિયાતું છે કે ઉતરતું છે તેવા સંદર્ભમાં વાત કરવી એ ત્રણે અંગો માટે શોભાસ્પદ નથી અને આ વાતના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી દિનેશ પરમારે ઉચ્ચારેલ શબ્દોથી સરકાર એટલે કે કારોબારી એ ન્યાયતંત્રથી ઉતરતા દરજ્જાની વ્યવસ્થા છે તેવો ભાવ પ્રગટ થાય છે તેમ મને લાગે છે. આથી સભ્યશ્રી ડૉ. દિનેશ પરમારે તેમના વકતવ્યમાં " સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે " એવા કરેલાં ઉચ્ચારણોને હું કાર્યવાહીમાંથી રદ કરવાનું ઠરાવું છું. "

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૯૮ અને ૧૦૧: ૨૦૦૩)**

**૩. ચર્ચા :**

**પોઈન્ટ ઓફ ઓર્ડર :**

**ચૂંટણીપંચ જેવી બંધારણીય રીતે સ્વાયત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવા બાબત.**

તા. ૧૨મી માર્ચ, ૨૦૦૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતી વખતે જુદાજુદા સભ્યશ્રીઓએ ખાસ કરીને કોગ્રેંસપક્ષના સભ્યશ્રીઓએ સન ૨૦૦૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીઓની કામગીરીમાં રહી ગયેલી ક્ષતિઓ તરફ સરકારનું ધ્યાન દોરી તે સંબધે જરુરી કાર્યવાહી કરવાના સૂચનો કર્યાં હતાં. આ ચર્ચાનો જવાબ મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) વતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભ પટેલે આપતાં

જણાવ્યું કે " બંધારણમાં ફેરફાર કરવો હોય તો કેન્દ્રમાં તેમના નેતાશ્રીને કાગળ લખે તેવી વિનંતી છે. " આ વિધાન સામે સભ્ય ર્ડા. દિનેશ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદૃો ઉપસ્થિત કરી તે સંબધમાં અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યુ હતું.

ઉકત મુદૃા સંબંધમાં રેકર્ડ ઉપરની વિગતો જોઈ તા. ૨૦મી માર્ચ, ૨૦૦૩ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો.

" સભાગૃહમાં તા. ૧૨મી માર્ચ, ૨૦૦૩ના રોજ સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સભ્ય શ્રી ર્ડા. દિનેશ પરમાર તથા અન્ય કેટલાક સભ્યશ્રીઓએ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ વખતે તૈયાર કરવામાં આવેલી મતદાર યાદીઓમાં અનેક મતદારોના નામો કમી થવાને કારણે તેઓ તેમના મતદાનના બંધારણીય અધિકારથી વંચિત રહયા હતા અને આવી મતદાર યાદીઓમાં રહી ગયેલી ક્ષતિઓ સંબંધે રાજયનું ચૂંટણી તંત્ર નિષ્ફળ ગયું છે તેવા મતલબના ઉલ્લેખો પોતાના પ્રવચનોમાં કર્યા હતા. માંગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતી વખતે માનનીય મંત્રીશ્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે બંધારણ અને કાયદાકીય જોગવાઈઓ અન્વયે મતદાર યાદીઓ તૈયાર કરવા સહિત ચૂંટણીને લગતી તમામ કામગીરી ચૂંટણી પંચના ક્ષેત્રાધિકાર હેઠળ આવે છે અને આ સમગ્ર કાર્યવાહી માટે રોકાયેલા સ્ટાફને જરુરી સૂચનાઓ તથા માર્ગદર્શન આપવાની કામગીરી પણ ચૂંટણી પંચ કરે છે. આ સંબધંમાં રાજય સરકારની કોઈ ભૂમિકા નથી. આ કામગીરી સંબંધે બંધારણ કે કાયદામાં સુધારો કરવો હોય તો માન. સભ્યશ્રીઓએ કેન્દ્ર સ્તરે તેમના નેતાઓને રજૂઆત કરવી જોઈએ. આ તબકકે સભ્યશ્રી ર્ડા. દિનેશ પરમારે એવો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદૃો ઉપસ્થિત કર્યો કે સભ્યશ્રીઓ ધ્વારા આ સભાગૃહમાં જે કોઈ રજૂઆતો કરવામાં આવે છે તેનો માનનીય મંત્રીશ્રીએ યોગ્ય પ્રતિભાવ આપવો જોઈએ અને પોતે તેવી બાબતોમાં કઈ જાતનો સુધારો લાવી સભ્યશ્રીને સંતોષ આપવા માગે છે તે જણાવવાને બદલે માનનીય મંત્રીશ્રી ધ્વારા કેન્દ્ર સ્તરે પક્ષના નેતાઓને રજૂઆત કરવાનું જે સૂચન કર્યુ છે તે યોગ્ય નથી.

સભ્ય ર્ડા. દિનેશ પરમારના પોઈન્ટ ઓફ ઓર્ડરના ઉકત મુદૃા સંબંધમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ, રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, વિરોધપક્ષના ઉપનેતા શ્રી ભરતભાઈ સોલંકી તથા સભ્યશ્રી ભરતભાઈ બારોટે પોતાનાં મતવ્યો વ્યકત કર્યા. માનનીય મંત્રીશ્રી તથા માનનીય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ મેં આ બાબતમાં મારો નિર્ણય પછીથી આપીશ તેવી જાહેરાત કરી હતી.

આપ સૌને એ સુવિદિત છે કે મુકત અને ન્યાયી ચૂંટણીઓ એ આપણી સંસદીય લોકશાહીનું પાયાનું તત્વ છે અને તેની જાળવણી માટે બંધારણના ઘડવૈયાઓએ આપણા બંધારણમાં ખાસ જોગવાઈઓ પણ કરી છે. સંસદ તથા વિધાન મંડળોની ચૂંટણીઓ માટે રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રિય ચૂંટણી પંચ તથા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજય સ્તરે રાજય ચૂંટણી પંચની જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે. બંધારણની કલમ ૨૪૬ હેઠળની સાતમી અનુસૂચિ અનુસાર સંસદ/વિધાનસભાઓની ચૂંટણીઓને લગતી બાબતો માટે કાયદા ઘડવાની સત્તા સંસદને છે. જયારે સ્થાનિક સંસ્થાઓને લગતી બાબતો માટે કાયદા ઘડવાની સત્તા રાજય વિધાનસભાને છે. બંધારણની કલમ– ૩૨૪થી સંસદ/વિધાનસભાની ચૂંટણીઓને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ અને નિયંત્રણની ફરજો કેન્દ્રિય ચૂંટણી પંચને સુપરત થયેલ છે. જયારે બંધારણની કલમ ૨૪૩(k) અને ૨૪૩(Z-A) થી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ અને નિયંત્રણની ફરજો રાજય ચૂંટણી પંચને સુપરત થયેલી છે. સંસદ/વિધાનસભાની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવી, ચૂંટણીઓનું સંચાલન કરવું અને તેના પરિણામોની જાહેરાત સુધીની તમામ બાબતો માટેની વિસ્તૃત જોગવાઈઓ

સંસદે ઘડેલા સન ૧૯૫૦ અને ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમોમાં છે. જયારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને લગતી તમામ બાબતો માટેની વિસ્તૃત જોગવાઈઓ રાજય વિધાનસભાએ ઘડેલા પંચાયત/મ્યુનિસિપાલિટી/નગરપાલિકા અધિનિયમોમાં છે. ચૂંટણીઓને લગતી બાબતો માટેની બંધારણીય જોગવાઈઓ તથા ઉપર જણાવેલ અધિનિયમોની જોગવાઈઓ અનુસાર ચૂંટણી પંચ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરે છે.

ચૂંટણીઓને લગતી બંધારણીય જોગવાઈઓ તથા સંબંધિત અધિનિયમો હેઠળ કરવામાં આવેલી જોગવાઈઓનો અભ્યાસ કરતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે ચૂંટણીઓને લગતી મતદાર યાદીઓ તૈયાર કરવી, તેમાં સુધારા વધારા કરવા, તેને પ્રસિધ્ધ કરવી વગેરે બાબતો જે તે ચૂંટણી પંચોના કાર્યક્ષેત્ર હેઠળ આવે. બંધારણની કલમ ૩૨૪ હેઠળ સંસદ/વિધાનસભાની ચૂંટણીઓ માટેની મતદાર યાદીઓ તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી કેન્દ્રિય ચૂંટણી પંચની છે. તેવી જ રીતે બંધારણની કલમ ૨૪૩(K) અને ૨૪૩(Z-A) થી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટેની મતદાર યાદીઓ તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી રાજય ચૂંટણી પંચની છે.

આ બંને સંસ્થાઓને ચૂંટણીના સંચાલનને લગતી સમગ્ર કામગીરી માટે બંધારણ હેઠળ સ્વાયત્તા બક્ષેલી છે. અલબત્ત આ બંને સંસ્થાઓએ સંબંધિત અધિનિયમો તથા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ અનુસાર, ચૂંટણીને લગતી સમગ્ર કામગીરી માટે રાજય સરકારના નિયંત્રણ હેઠળના સ્ટાફની સેવાઓ લેવાની રહે છે. સન ૧૯૫૦ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩ AA(૩)થી દરેક જિલ્લાના ચૂંટણી અધિકારીને મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી આ કામગીરી રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીની દેખરેખ અને નિયંત્રણ હેઠળ કરે છે. ઉકત અધિનિયમની કલમ ૧૩ A(2)થી રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીની નિયુકિત ચૂંટણી પંચ કરે છે અને મખ્ય ચૂંટણી અધિકારી ચૂંટણીઓને લગતી તમામ બાબતો માટે ચૂંટણી પંચની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ તેની ફરજો બજાવે છે. મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી રાજય સરકારના નિયંત્રણ હેઠળના સ્ટાફને સોંપવામાં આવતી હોવા છતાં પણ આ કામગીરીમાં રોકાયેલ સ્ટાફ પર રાજય સરકારનું કોઈ નિયંત્રણ રહેતું નથી. સન ૧૯૫૦ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩–CC અને સન ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૨૮–A ની જોગવાઈઓ અનુસાર ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ સ્ટાફ ચૂંટણી પંચ હેઠળ પ્રતિનિયુકત થયેલો ગણવામાં આવતો હોવાથી મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરીમાં થયેલ ક્ષતિઓ બદલ રાજય સરકારની કોઈ પ્રાથમિક જવાબદારી બનતી નથી. આમ સમગ્ર રીતે એ બાબત સ્પષ્ટ થાય છે કે કોઈ પણ ચૂંટણીઓ સંબંધે મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી કેન્દ્ર કે રાજય ચૂંટણી પંચના ક્ષેત્રાધિકારની બાબત બને છે અને રાજય સરકારે તો આ કામગીરી માટે જરૂરી સ્ટાફ પૂરો પાડવાની ભૂમિકા અદા કરવાની રહે છે. આગળ જણાવ્યું તેમ ચૂંટણી કામગીરીને સંલગ્ન સ્ટાફ ચૂંટણી પંચ ઉપર પ્રતિનિયુકત થયેલ ગણાતો હોવાથી સ્વાભાવિક રીતે જ તેના ઉપર ચૂંટણી પંચનું નિયંત્રણ રહે છે. તેથી મતદાર યાદીઓમાં રહી ગયેલી ક્ષતિઓ અંગેની પ્રાથમિક જવાબદારી ચૂંટણી પંચની રહેતી હોવાથી તે સંબંધેની ફરિયાદ/રજૂઆત પણ જે તે ચૂંટણી પંચને જ કરવાની રહે છે. આમ મતદાર યાદીઓ તૈયાર કરવાને લગતી બાબતમાં રાજય સરકારની પ્રાથમિક જવાબદારી થતી ન હોવાથી સભ્યશ્રી ડૉ. દિનેશ પરમાર તથા અન્ય કેટલાક સભ્યશ્રીઓએ મતદાર યાદીઓમાં રહી ગયેલ ભૂલો અંગે ચર્ચામાં જે ઉલ્લેખો કર્યા છે તે અપ્રસ્તુત બની જાય છે. મંત્રીશ્રીએ પણ પોતાના જવાબમાં તે અંગે કોઈ પ્રતિભાવ આપવાની જરૂર રહેતી ન હતી તેમ છતાં આ બાબતમાં મંત્રીશ્રીએ પોતાના પ્રત્યુત્તરમાં કરેલ નિર્દેશ બંધારણ તથા કાયદાકીય જોગવાઈઓ સાથે સુસંગત હોય તેમ મને લાગે છે અને તેથી સભ્ય

ડૉ. દિનેશ પરમારે ઉપસ્થિત કરેલો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હું નામંજૂર કરું છું. અત્રે એ બાબત તરફ હું સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માંગું છું કે નિયમો અનુસાર જે બાબતો અંગે રાજય સરકારની પ્રાથમિક જવાબદારી થતી ન હોય તે બાબતો અંગેની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી, તેથી ચૂંટણી પંચ જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા આ સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહે."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૯૭ અને ૯૮: ૨૦૦૩)**

**૪. ચર્ચા :**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

**પોઈન્ટ ઓફ ઓર્ડર:**

**(૧) જાહેર હિસાબ સમિતિની તપાસના કાર્યક્ષેત્ર બાબત**

**(૨) સમિતિઓને લગતી સામાન્ય જોગવાઈઓ જે તે સમિતિ માટે કરેલી ખાસ જોગવાઈઓને આધીન છે.**

તા.૧૪/૩/૦૭ના રોજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન ગૃહ રાજયમંત્રીશ્રી અમિત શાહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે, જાહેર હિસાબ સમિતિની તપાસના કાર્યક્ષેત્ર માટે કામકાજના નિયમો બનેલા છે, એ નિયમો પ્રમાણે આ સમિતિ ચાલવી જોઈએ. તે નિયમોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે સી.એ.જી.એ જે અહેવાલ રજૂ કર્યો હોય, તે અહેવાલ ઉપર સમિતિ વિચારણા કરી શકે. સુજલામ – સુફલામ યોજના હજી ચાલુ છે, પૂરી નથી થઈ, તેનું ઓડિટ પણ થયું નથી કે તે સંબંધે કોઈ ઓડિટ પેરા પણ આવ્યો નથી એ પહેલાં જ આ સમિતિએ તે યોજના ઉપર વિચારણા ચાલુ કરી દીધી છે , એટલે સમિતિ એના કામકાજના નિયમો મુજબ ચાલે છે કે રાજકીય આશય પ્રમાણે એ પૂછવું છે.

મંત્રીશ્રીની ઉકત ટિપ્પણી સંબંધમાં તમામ સમિતિઓના કામકાજને લગતા સામાન્ય નિયમો પૈકી નિયમ –૧૭૪ની "ખાસ અહેવાલો" રજૂ કરવાની જોગવાઈ તરફ ધ્યાન દોરી સભ્યશ્રી પૂંજાભાઈ વંશે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ કે સી.એ.જી.ના ઓડિટ અહેવાલમાં શું દર્શાવ્યું છે તે મહત્વનું નથી. સી.એ.જી.ના ઓડિટ અહેવાલમાં ન હોય તેવી કોઈ બાબત સમિતિની તપાસ દરમિયાન ધ્યાન ઉપર આવે તો સમિતિ તેની તપાસના કાર્યક્ષેત્રમાં ન આવતી બાબતો પર પણ ખાસ અહેવાલ તૈયાર કરી શકે છે. જાહેર હિસાબ સમિતિના અગાઉના ચેરપર્સન ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાએ નિયમ–૧૭૪ની જોગવાઈ મુજબ સરકારના જાહેર હિતમાં સમિતિની પ્રાથમિક જવાબદારી સમજી ખાસ અહેવાલ તૈયાર કરી સભાગૃહમાં રજૂ કરવા અધ્યક્ષશ્રીને રજૂ કરેલ છે. આ પ્રમાણે જણાવી ઉકત મુદ્દા સંબંધમાં અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ)એ મંત્રીશ્રી અશોક ભટ્ટ અને વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનાં મંતવ્યો જાણ્યા બાદ નીચે મુજબ નિર્ણય આપ્યો.

" નિયમ ૧૭૪ની જોગવાઈ ખાસ અહેવાલ સંબંધેની છે. એ જોગવાઈ દરેક સમિતિ માટેના કામકાજના સામાન્ય નિયમો હેઠળની છે. નિયમ ૧૭૪ થી સમિતિઓને ખાસ અહેવાલ કરવા જે સત્તા મળે છે તે નિયમ ૧૮૬ની જોગવાઈ મુજબ કોઈપણ સમિતિના સંબંધમાં કરવામાં આવેલી ખાસ જોગવાઈઓને આધીન છે. તેથી નિયમ–૧૭૪થી સમિતિ ને ખાસ અહેવાલ કરવા જે સત્તા મળે છે તે જાહેર હિસાબ સમિતિ માટે નિયમ–૧૯૭થી કરવામાં આવલી ખાસ જોગવાઈઓને આધીન છે. તેથી જાહેર હિસાબ સમિતિ તેનો ખાસ અહેવાલ નિયમ ૧૯૭ની જોગવાઈને આધીન જ કરી શકે. સુજલામ સુફલામ યોજના સંબંધે સી.એ.જી.ના સન ૧૯૯૩–૯૪ના વર્ષના ઓડિટ અહેવાલમાં કોઈ ઓડિટ ફકરો સમાવિષ્ટ ન હોઈ, સમિતિએ તે યોજના સંબંધે

કરેલી તપાસ તથા તે પર રજૂ થયેલ ખાસ અહેવાલ તેની તપાસના કાર્યક્ષેત્રમાં આવતા ન હોઈ સમિતિએ રજૂ કરેલ ખાસ અહેવાલને મંજૂરી આપી નથી ત્યારે સભ્યશ્રી પૂંજાભાઈ વંશે ઉપસ્થિત કરેલ પોંઈન્ટ ઓફ ઓર્ડર સ્વીકારી શકાય નહિ. જાહેર હિસાબ સમિતિની તપાસના કાર્યક્ષેત્ર અંગે નિયમ–૧૯૭ માં ખાસ જોગવાઈઓ કરી છે. નિયમ–૧૯૭ હેઠળ થયેલી જોગવાઈઓ મુજબ જાહેર હિસાબ સમિતિ સી.એ.જી.ના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ ઓડિટ ફકરાઓની તપાસ કરી શકે છે."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૮ઃ ૨૦૦૭)**

**૫. ઝીરો અવર્સ :**

**પોઈન્ટ ઓફ ઓર્ડર :**

**(૧) કેન્દ્ર સરકારે રચેલ સમિતિના અહેવાલ સંબંધમાં સ્પષ્ટતા કરવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય.**

**(૨) સ્થાપિત પ્રણાલી મુજબ સભ્યશ્રી, મંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રીની સંમતિથી શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરે તો તેમાં કોઈ નિયમ કે પ્રણાલીનો ભંગ થતો નથી.**

સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ–૨૦૦૬ ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયે વિ.સ.સ. શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાતમાં બેનરજી સમિતિના પ્રેસ ઈન્ટરવ્યુ પછી જે ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હતી અને તેમાં પ્રેસને એવું કહેવામાં આવ્યું કે, ગોધરાકાંડમાં લાગેલ આગ એ ષડયંત્ર નહોતું, પરંતુ અકસ્માત હતો તેના સંદર્ભમાં તેમણે ગૃહમંત્રીશ્રી પાસેથી માહિતી માગવાનો મુદ્દો ઉભો કર્યો હતો અને કહયું હતું કે, ગૃહમંત્રીશ્રી આ ઘટનાની વિગતો આપે અને આ ષડયંત્ર હતું તો સરકાર આ બાબતના પુરાવા સભાગૃહ સમક્ષ મૂકે. આ ઘટનાને સંલગ્ન એફ. એસ. એલ. નો રિપોર્ટ શું છે અને નાણાવટી પંચની રચના થઈ હોય પછી બીજી સમિતિની રચના શકય છે ખરી? તે જાણવા માંગ્યું હતું. જયારે વિ.સ.સ ડૉ. નિમાબેન આચાર્યએ બેનરજી સમિતિના રિપોર્ટ બાબતે જે વિરોધાભાસ પ્રવર્તી રહયો છે તે અંગે પ્રકાશ પાડી ગૃહમંત્રીશ્રીને એવી વિનંતી કરી હતી કે, તેઓ સભાગૃહને વાકેફ કરે. આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો અને બે મુદ્દા ઉપસ્થિત કર્યા હતા. (૧) જયાં સુધી નિયમ–૧૧૬ અન્વયેની સૂચનાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝીરો અવર આવે નહિ. (૨) કમિશન ઓફ ઈન્કવાયરી એકટ હેઠળ જે અહેવાલ આવે તે અહેવાલની ચર્ચા ગૃહમાં તે રજૂ થયા પછી કરવાની હોય છે અને આ કિસ્સામાં બેનરજી કમિશનનો રિપોર્ટ હજુ લોકસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો ન હોઈ આ બાબત ઉઠાવી શકાય નહિ. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ તબકકે એવી સ્પષ્ટતા કરી હતી કે, શૂન્યકાળ માટે કોઈ નિયમ નથી પરંતુ પ્રણાલિકા છે કે પ્રશ્નોત્તરી પૂરી થયા પછી અને તાકીદની જાહેર અગત્યની બાબત હાથ ધરાય તે પહેલાં તે મુવ કરી શકાય. આ કિસ્સામાં સભ્યશ્રીએ મંત્રીશ્રીની પરવાનગી લીધી છે અને પ્રશ્ન તાકીદનો છે. ગૃહ મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, બેનરજી સમિતિ એ હાઈ લેવલ સમિતિ છે અને તે કમિશન નથી. સભ્યશ્રી જાડેજાએ આ પ્રશ્ન પૂછતાં પહેલાં મારી સંમતિ મેળવેલ છે. વધુમાં જસ્ટીસ બેનરજીએ જે પ્રેસ લીધી છે અને પ્રેસથી જે વિગતો બહાર આવી છે એ બાબતમાં પ્રર્વતતા વિરોધાભાસ અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. સમિતિના રિપોર્ટ બાબતે કોઈ ચર્ચા કરવાની નથી. વિ.સ.સ. શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ આ તબકકે જણાવ્યું હતું કે, કમિશન ઓફ ઈન્કવાયરીનો રિપોર્ટ સંસદમાં રજૂ કરવાનો બાકી હોઈ તેમાં ચર્ચા ન થઈ શકે પરંતુ જયારે બેનરજી સમિતિ ધ્વારા આખા દેશમાં એક ગંભીર પ્રકારની બાબતનો અહેવાલ લોકસભામાં મૂકતાં પહેલાં જાહેર જનતાને પ્રસાર માધ્યમનો ઉપયોગ કરી તેની જાણ કરવામાં આવે તો આપણે શૂન્યકાળની નિયમોમાં જોગવાઈ ન હોય તેમ છતાં આ બાબત ગુજરાતને સ્પર્શતી

હોઈ સ્પષ્ટતા થવી આવશ્યક છે. વિ.સ.સ.શ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, બેનરજી પંચ એ કમિશન ઓફ ઈન્કવાયરી એકટ નીચે નિમાયેલ પંચ છે.

ચર્ચાને અંતે માન. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે, આ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી અને તે અંગેનો વિગતવાર નિર્ણય તેઓ સર્વે પાસાનો અભ્યાસ કરીને આપશે.

તદનુસાર તેઓશ્રી સમક્ષ ઉઠાવવામાં આવેલા મુદ્દા માટે પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા, વિધાનસભાની કાર્યરીતિ, નિયમો, સંસદીય પ્રણાલિઓ, કમિશન ઓફ ઈન્કવાયરી એકટ અને બેનરજી કમિશનની રચના અંગેના રેલ મંત્રાલયના નોટિફિકેશનનો અભ્યાસ કર્યા બાદ અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય નીચે મુજબ આપ્યો હતો.

" માન. વિરોધપક્ષના નેતાનો પહેલો મુદ્દો એવો હતો કે, વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ની નોટિસ ઉપરની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝીરો અવર આવે નહિ. ઝીરો અવર અંગે ગુજરાત વિધાનસભાના નિયમોમાં કોઈ જોગવાઈ નથી પરંતુ સુસ્થાપિત પ્રણાલિ મુજબ કોઈ એવી તાકીદની અને સમગ્ર રાજયના હિતને સ્પર્શતી બાબત હોય ત્યારે કોઈ સભ્યશ્રી મુદ્દો ઉઠાવવા માગતા હોય અને મંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હોય ત્યારે પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા પછી અને તે દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી કામકાજ હાથ ધરતાં પહેલાં શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય છે.

માન. વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરમાં ઉપસ્થિત કરેલ બેનરજી કમિશનના અહેવાલ પર ચર્ચા સંબંધેના મુદ્દા અંગે જણાવવાનું કે, શૂન્યકાળમાં કોઈ સભ્યશ્રીને તાકીદની અને જાહેર અગત્યની બાબતે મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપતા પહેલાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો મુજબ સભ્યશ્રીને સંબંધિત મંત્રીશ્રીની સંમતિ મળી હોય અને અધ્યક્ષને પણ જણાય કે, જયારે બાબત તાકીદની અને મહત્વની છે, ત્યારે તેવી બાબતો સંબંધમાં શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની સભ્યશ્રીઓને મંજૂરી આપવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની સ્થાપિત થયેલ પ્રણાલી મુજબ ઉકત બંને સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીએ મારી સંમતિ લીધી હોવાથી શૂન્યકાળના મુદ્દા ઉપસ્થિત થવા અંગે કોઈ નિયમ અને પ્રણાલીઓનો ભંગ થયો નથી. બેનરજી કમિશનનો અહેવાલ સંસદમાં રજૂ થાય તે પહેલાં કમિશન તરફથી જાહેર માધ્યમો ધ્વારા જે વિગતો વર્તમાનપત્રોમાં રજૂ થઈ હતી, તે સંબંધે રાજયના પ્રજાજનોમાં ફેલાયેલ ગેરસમજ, વિરોધાભાસ અને આશંકા દૂર કરવાના ઉદ્દેશથી ઉકત સભ્યશ્રીઓએ ઉઠાવેલ મુદ્દા સંબંધે શૂન્યકાળમાં મુદ્દા ઉપસ્થિત કરવાની સભ્યશ્રીઓને જે પરવાનગી આપવામાં આવી હતી, તે ગુજરાત વિધાનસભાની સુસ્થાપિત થયેલ પ્રણાલિઓ સાથે સુસંગત હતી તેના કારણે મેં વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર તતસમયે નામંજૂર કર્યો હતો."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૧૮ અને ૧૨૦: ૨૦૦૬)**

**૬. તાકીદની જાહેર અગત્યની બાબત :**

**પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરી :**

**નોટિસ આપનાર સભ્યશ્રીએ અનિવાર્ય અને આકસ્મિક સંજોગો સિવાય નોટિસ હાથ ધરવાના સમયે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.**

શુક્રવાર તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬ ના રોજ પ્રશ્નોત્તરી સમય પૂરો થયા બાદ નિયમ–૧૧૬ અન્વયેની "શાકભાજીની ટ્રકો લઈને અમદાવાદ આવતા ખેડૂતો પર પોલીસે કરેલા લાઠી ચાર્જ અને અનુચિત વર્તાવ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત કોલ આઉટ કરતાં સૂચનાના પ્રભારી સભ્યશ્રી દિપસિંહ રાઠોડ તથા શ્રી રણજીતસિંહ ચાવડા

સભાગૃહમાં હાજર જણાયા ન હતા. આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી એવું જણાવ્યું હતું કે, ભૂતકાળમાં વખતોવખત એવું રૂલીંગ આપવામાં આવ્યું છે કે, જયારે કોઈ સભ્યશ્રી નોટિસ આપે ત્યારે તેમણે હાજર રહેવું જોઈએ અને જયારે તાકીદની જાહેર અગત્યની બાબત હોય અને ખેડૂતોને લગતી હોય ત્યારે અન્ય તાકીદની જાહેર અગત્યની બાબતોની નિયમ–૧૧૬ અન્વયેની સૂચનાઓ પૈકી કોઈ એક બાબતને પ્રાયોરીટી આપી હોય ત્યારે તે રાજયનો સૌથી તાકીદનો અને અગત્યનો પ્રશ્ન બને છે. જયારે સભ્યશ્રી આ રીતે ગેરહાજર રહે તેને કારણે આવો તાકીદનો પ્રશ્ન સભાગૃહમાં હાથ ધરી શકાતો નથી. તેથી ભૂતકાળમાં તત્કાલિન અધ્યક્ષશ્રીઓએ આપેલા રૂલીંગ ધ્યાનમાં રાખી એવી વિનંતી કરવામાં આવી હતી કે, ગેરહાજર રહેનાર સભ્યશ્રીઓને તાકીદ કરવામાં આવે. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ તબકકે એવો મત વ્યકત કર્યો હતો કે અગાઉ આપેલા આ અંગેના રૂલીંગો બહુ સ્પષ્ટ છે અને સભ્યશ્રીએ હાજર રહેવું જોઈએ તે અનિવાર્ય છે પરંતુ જે તાકીદની બાબત સભ્યશ્રીએ રજૂ કરેલ તે સભ્યશ્રી પોતાના અંગત કારણોસર સભાગૃહમાં હાજર ન રહે તેમ પણ બને અને આ અંગેના અગાઉના રૂલીંગ ખૂબ સ્પષ્ટ હોઈ નવું રૂલીંગ આપવાની જરૂર જણાતી નથી. આ તબકકે અધ્યક્ષશ્રીએ કહયું હતું કે, તેઓ આ પોઈન્ટ ઓફ ઓર્ડર સ્વીકારતા નથી કારણ કે આ અંગે અગાઉ નિર્ણય આપવામાં આવેલા છે અને તેથી હવે આમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આ બાબતમાં વિગતવાર નિર્ણય પછીથી જાહેર કરીશ એમ તે સમયે તેઓએ જણાવ્યું હતું. તદનુસાર તેઓએ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

" આ સંબંધમાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણયોનો અભ્યાસ હું કરી ગયો છું. મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આ અંગે એવા નિર્ણય આપેલા છે કે, સભ્યશ્રીઓએ સૂચના આપી હોય અને તેની અગત્યતાને ધ્યાનમાં લઈ તેને દાખલ કરવામાં આવી હોય તથા જે તે દિવસના કામકાજની યાદીમાં તેને દર્શાવવામાં આવી હોય તો પ્રભારી સભ્યશ્રીએ જે તે બાબત હાથ ધરવામાં આવે ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત રહેવું જોઈએ અને તેમ કરી સભાગૃહ પ્રત્યે આદર દર્શાવવો જોઈએ. વળી, તાકીદની જાહેર અગત્યની બાબત ગણીને જયારે દાખલ કરવામાં આવી હોય તેવી સૂચનાના પ્રભારી સભ્યશ્રીની નૈતિક ફરજ છે કે તેમણે બાબત હાથ ધરવાના સમયે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.

આ કિસ્સામાં પણ જાહેર અગત્યની બાબતો પૈકી જે કોઈ તાકીદની અને જાહેર અગત્યની બાબત જણાઈ હતી તેવા વિષય ઉપરની સભ્યશ્રી દિપસિંહ રાઠોડ અને સભ્યશ્રી રણજીતસિંહ ચાવડાની નિયમ–૧૧૬ અન્વયેની સૂચના દાખલ કરવામાં આવી હતી અને તેને દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવી હતી જયારે સરકારે સખત પરિશ્રમ અને સમયનો ભોગ આપીને બાબત અંગેની માહિતી એકઠી કરી હોય અને માનનીય મંત્રીશ્રી સઘળી વિગત સાથે સભાગૃહને સુવિદિત કરવા ઉપસ્થિત રહયા હોય ત્યારે સૂચનાના પ્રભારી સભ્યશ્રીની એ નૈતિક ફરજ છે કે તેમણે, બાબત સભાગૃહમાં હાથ ધરવાના સમયે, જો તેઓ અનિવાર્ય અને આકસ્મિક સંજોગોને આધિન ન હોય તો સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. હું માનું છું કે, હવે પછી આ બાબતે સભ્યશ્રીઓ જરૂરથી કાળજી લેશે. આ બાબતે મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ નિર્ણય આપેલા છે પરંતુ વિધાનસભાના નિયમોમાં સૂચનાના પ્રભારી સભ્યશ્રીઓને હાજર રહેવા ફરજ પાડવાના કોઈ નિયમો અસ્તિત્વમાં ન હોઈ સર્વે સભ્યશ્રીઓ પોતાની નૈતિક જવાબદારી સભાનપણે નિભાવશે તેવી હું આશા રાખું છું. અગાઉ આવા રૂલીંગ આવી ગયા હોઈ નવું કોઈ રૂલીંગ આપવાની મને જરૂર જણાઈ ન હતી અને મેં તા. ૨૪–૩–૨૦૦૬ ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરને ગ્રાહય રાખ્યો ન હતો."

**(ગુ.વિ.સ., ત્રીજી શ્રેણી ચર્ચા પુસ્તક–૧૨૧ અને ૧૨૨: ૨૦૦૬)**

**૭. નિવેદન :**

**નિયમ–૪૪નું નિવેદન :**

**પોઈન્ટ ઓફ ઓર્ડરઃ**

**રાજયના ઉત્કર્ષ માટે કોઈ લાંબાગાળાની યોજનાની મંત્રીશ્રીએ જાહેરાત કરવાની હોય અને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે અધ્યક્ષશ્રીની પરવાનગી મેળવી મંત્રીશ્રી નિવેદન કરી શકે છે.**

તા. ૨૮/૦૩/૨૦૦૭ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ અન્વયે નિવેદન કરી ગરીબ સમૃધ્ધિ યોજનાની જાહેરાત કરી હતી. આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે, આ જાહેરાત ધ્વારા મુખ્યમંત્રીશ્રીએ આર્થિક પેકેજ જાહેર કર્યુ છે અને જેનો સમાવેશ બજેટમાં કરવામાં આવેલ નથી. ઉપરાંત, જુદી જુદી યોજનાઓને એકત્રિત કરી મુખ્યમંત્રીશ્રીના નામે ચઢાવી દેવાય છે અને ગૃહને ગેરમાર્ગે દોરવામાં આવે છે. જે આર્થિક પેકેજનો સમાવેશ નાણા મંત્રીશ્રીના બજેટ પ્રવચનમાં અગર તો નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં કરવામાં ન આવ્યો હોય તેવી યોજનાની નિયમ–૪૪ અન્વયેના નિવેદન ધ્વારા જાહેરાત થઈ શકે નહિ. કારણ કે, તેને ગૃહનો આદેશ મળ્યો ન હોઈ આવા આર્થિક પેકેજનો સમાવેશ બજેટમાં કરીને તે અંગેની નાણાકીય જોગવાઈઓ કર્યા બાદ જ તેની જાહેરાત કરવી જોઈએ.

ઉકત મુદ્દા સંબંધમાં સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ હતું.

અધ્યક્ષશ્રીએ ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર તત્સમયે નામંજૂર કરી વિગતવાર નિર્ણય મુલતવી રાખ્યો હતો. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તા. ૩૦/૩/૨૦૦૭ના રોજ નીચે પ્રમાણે વિગતવાર નિર્ણય જાહેર કર્યો હતો.

" નિવેદન ધ્વારા જે યોજનાની માહિતી આપવામાં આવી છે તેમાં એવા સ્પષ્ટ શબ્દો વાપર્યા છે કે, આવતા ૫ વર્ષમાં ચોકકસ હેતુઓસર ગરીબ સમૃધ્ધિ યોજના અન્વયે અમુક રકમ ખર્ચવામાં આવશે. સામાન્ય રીતે ગૃહ સમક્ષ રજૂ થતા જે તે વર્ષના બજેટમાં તે વર્ષને લગતા ખર્ચ અને આવકના અંદાજોના આંકડાનો સમાવેશ કરવામાં આવે છે. તે વર્ષ દરમ્યાન હાથ ધરવાની યોજનાઓનો વિગતવાર ઉલ્લેખ હોય છે પરંતુ જયારે રાજયના ઉત્કર્ષ માટે કોઈ લાંબાગાળાની યોજનાની મંત્રીશ્રીએ જાહેરાત કરવાની હોય અને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે આવી નીતિ વિષયક જાહેર અગત્યની બાબત ઉપર અધ્યક્ષશ્રીની પરવાનગી મેળવીને મંત્રીશ્રી નિવેદન કરી શકે છે. જો મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની જાહેરાત ગૃહની બહાર કરી હોત તો ગૃહના સૌ પ્રથમ માહિતી મેળવવાના ઔચિત્યનો ભંગ થાત. આ સંજોગોમાં મુખ્યમંત્રીશ્રીએ મારી પરવાનગીથી નિયમ–૪૪ હેઠળ કરેલ નિવેદન ગૃહના નિયમો તથા સુસ્થાપિત થયેલ સંસદીય પરંપરા મુજબનું હતું. તેથી તે સમયે મેં વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો હતો."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૩૦: ૨૦૦૭)**

**૮. પ્રશ્નો :**

**આક્ષેપ :**

**(૧) સભ્યશ્રીએ આક્ષેપ કરતી વખતે તેના સમર્થનમાં આધાર કે પુરાવા રજૂ કરવા જોઈએ.**

**(૨) સભ્યશ્રી ગૃહમાં જે કાંઈ રજૂઆત કરતા હોય છે તેની જવાબદારી પણ જે તે સભ્યશ્રીની હોય છે.**

તા. ૯ મી માર્ચ,૨૦૦૭ના રોજ સભ્ય ડૉ.સી. જે ચાવડાના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૧૨૬૬, અગ્રતાક્રમઃ ૯ "સેઝ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવા અંગેની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન ડૉ.સી.જે.ચાવડાએ સરકાર સામે કરેલ આક્ષેપો સંબંધમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી આક્ષેપોના સમર્થનમાં શ્રી ચાવડા પાસે જે કાંઈ પુરાવા હોય તે સભાગૃહ સમક્ષ રજૂ કરાવવા અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી.

ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડરના સંબંધમાં નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, ગૃહ મંત્રીશ્રી અમિત શાહ, સભ્યશ્રી સુનિલ ઓઝા, વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, વિપક્ષી દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત, સભ્યશ્રી દોલતભાઈ પરમાર અને ડૉ.સી.જે. ચાવડાએ પોત– પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

ત્યારબાદ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણય ક્રમાંકઃ ૨૯,૩૧ અને ૨૯૮ તથા ગુજરાત વિધાનસભાના નિયમો પૈકી ગૃહની કાર્યરીતિ અંગેના નિયમ–૩૪ અને ૩૭ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ માન. અધ્યક્ષ (પ્રો. મંગળભાઈ પટેલ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

"સભ્યશ્રીએ બદનક્ષીભર્યો કે દોષારોપણયુકત કોઈ આક્ષેપ કરવો નહિ અને જો કોઈ આક્ષેપ ગૃહમાં કરવો હોય તો તેમ કરતાં પહેલા સંબંધિત મંત્રી તથા અધ્યક્ષને અગાઉથી જાણ કરવી જોઈએ તેમજ તેના સમર્થનમાં તેઓ પાસે કોઈપણ પ્રકારના આધાર કે પુરાવા હોય તો તે રજૂ કરવા જોઈએ. ગૃહની કાર્યવાહીના સામાન્ય નિયમો તથા સંસદીય પ્રણાલીઓ અનુસાર સભ્ય ગૃહમાં જે કાંઈ રજૂઆત કરતા હોય છે તેની જવાબદારી પણ જે તે સભ્યની જ હોય છે આથી લોકમુખે ચર્ચાતી વાતનો ઉલ્લેખ કરી કોઈપણ પ્રકારના આધાર કે પુરાવા વગર આક્ષેપ કરી શકાય નહિ. વધુમાં કોઈપણ સભ્ય દવારા આક્ષેપ કરવામાં આવે ત્યારે તે આક્ષેપ સાચો છે તે પુરવાર કરવાની જવાબદારી આક્ષેપ કરનાર સભ્યશ્રીની રહે છે."

ઉપર પ્રમાણેનો નિર્ણય આપી માન. અધ્યક્ષશ્રીએ, ડૉ. સી. જે. ચાવડા તથા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ જે જે આક્ષેપાત્મક શબ્દ પ્રયોગો કર્યા હતા તે તમામ તે દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૮ઃ ૨૦૦૭)**

**૯. પ્રશ્નો :**

**પૂરક પ્રશ્નો :**

**ચર્ચાની સમય મર્યાદા :**

**દરેક તારાંકિત પ્રશ્નની ચર્ચા માટે પાંચ મિનિટની સમયમર્યાદા જાળવવી વ્યાવહારિક રીતે મુશ્કેલ છે**

તા. ૨જી માર્ચ, ૨૦૦૭ ના રોજ સભ્યશ્રી જીતેન્દ્રકુમાર વાઘેલાના " અમદાવાદ જિલ્લામાં લોક દરબાર યોજવા અંગે" ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૮૮૩૭ ની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન ગૃહ મંત્રી (રા.ક.) શ્રી અમિત શાહે જવાબ આપવામાં વધારે સમય લેતાં સભ્યશ્રી પુંજાભાઈ વંશે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે મંત્રીશ્રીએ પ્રશ્ન પ્રમાણે જવાબ આપવાના બદલે વિસ્તૃત માહિતી આપી લગભગ દસ મિનિટ જેટલો સમય લીધો હતો અને તેના કારણે પાછળના સભ્યોના પ્રશ્નો ચર્ચામાં આવી શકયા નહિ, મંત્રીશ્રીઓ ધ્વારા મૂળ પ્રશ્ન સાથે સુસંગત ન હોય તેવી લંબાણ પૂર્વકની અને વિસ્તૃત માહિતી પ્રશ્નના જવાબમાં રજૂ કરવાથી બીજા સભ્યોના અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે.

ઉક્ત પોઈન્ટ ઓફ ઓર્ડર  ઉપર મંત્રીશ્રીઓ તથા સભ્યશ્રીઓના મંતવ્યો જાણી તત્સમય પૂરતો નિર્ણય આપવાનું મુલતવી રાખ્યા બાદ તા. ૧૪–૩–૦૭ ના રોજ માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

" અગાઉની વિધાનસભાઓ દરમિયાન કયા કયા દિવસોએ ઓછામાં ઓછા કેટલા તારાંકિત પ્રશ્નો ઉપર ચર્ચા થઈ હતી તે જોવા માટે તેઓ ત્રીજી ગુજરાત વિધાનસભાથી આજ દિન સુધીના તારાંકિત પ્રશ્નો ઉપરની મૌખિક ચર્ચા સંબધી કાર્યવાહીની હકીકતો અને આંકડાઓ જોઈ ગયા છે. નિયમ ૮૯ અંતર્ગત એક તારાંકિત પ્રશ્નની મૌખિક ચર્ચા માટે પાંચ મિનિટ આપવાની જે સમય મર્યાદા મૂકવામાં આવેલ છે, તેનું વ્યવહારમાં પાલન કરવું મુશ્કેલ છે. કોઈપણ પ્રશ્ન પાછળ કેટલો સમય જશે તે પ્રશ્નનું સ્વરૂપ, પ્રશ્નમાં સમાવિષ્ટ વિગતો, પૂરક પ્રશ્નનો વ્યાપ, પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રીઓએ બાંધેલ પૂર્વ ભૂમિકા, રાજકીય અવલોકનો અને વક્રોકિત ઉચ્ચારણો તેમજ પ્રત્યુતર રૂપે સંબંધિત મંત્રીશ્રી તરફથી પણ બાંધવામાં આવતી પૂર્વ ભૂમિકા વગેરે પાસાઓ ઉપર આધારિત છે. તેથી  નિયમ ૮૯થી અપેક્ષિત પાંચ મિનિટની સમય મર્યાદાનું પાલન દરેક કિસ્સામાં થઈ શકે નહિં. પ્રશ્નમાં વિશાળ જાહેરહિત સમાયેલ હોય ત્યારે અધ્યક્ષ માટે પાંચ મિનિટની સમય મર્યાદા જાળવવાનું નિયમથી અપેક્ષિત પણ નથી. ભૂતકાળમાં પણ અનેક પ્રસંગોએ મહત્વના અને જાહેરહિતના પ્રશ્નોની ચર્ચામાં ૧૫ થી ૩૦ મિનિટનો સમય ફાળવવાના દાખલા રેકર્ડ પર છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે, જો સભ્યશ્રીઓ તરફથી પૂરક પ્રશ્નો નિયમોની જોગવાઈઓને સુસંગત રહીને પૂછવામાં આવે તથા મંત્રીશ્રી તરફથી પણ પૂછેલ પૂરક પ્રશ્નને સુસંગત માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવાના ધોરણોનું પાલન કરવામાં આવે તો મહદ અંશે નિયમથી અપેક્ષિત પાંચ મિનિટની સમય મર્યાદાનું પાલન થઈ શકે વળી તેઓશ્રીએ સભ્યશ્રીઓના ધ્યાને મૂકયુ કે વિધાનસભાના નિયમ–૫૬ હેઠળ કોઈપણ બાબતના નિયમન સંબંધમાં અધ્યક્ષને સર્વ સામાન્ય અધિકારો પ્રાપ્ત થયેલા છે ત્યારે કોઈ મહત્વના પ્રશ્નો પાછળ પાંચ મિનિટ કરતાં વધુ સમય ફાળવવાનું અધ્યક્ષના સ્વવિવેકને આધિન છે અને તેની સામે કોઈ સભ્ય વાંધો લઈ શકે નહિ."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૬ અને ૧૨૮ઃ ૨૦૦૭)**

**૧૦. પ્રશ્નો :**

**પોઈન્ટ ઓફ ઓર્ડર :**

**મુખ્યમંત્રીશ્રી ગૃહના નેતા તરીકે ગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવી  શકે છે અને ચર્ચામાં દરમિયાન થઈ માર્ગદર્શન આપી શકે છે.**

તા. ૫મી માર્ચ, ૨૦૦૭ના રોજ પ્રશ્નોતરી  સમય પૂરો થતાં અને નિયમ ૧૧૬ અન્વયે મંત્રીશ્રીનું ધ્યાન દોરતી સૂચનાના નિવેદન બાદ વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો  મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે આ સત્ર દરમિયાન બે એવી ઘટના બની કે જેમાં પ્રશ્નોતરીનો સમય  વેડફવા એક વખત માન. મુખ્યમંત્રીશ્રી અને બીજી વાર અન્ય મંત્રીશ્રીએ  પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ગૃહનો સમય બરબાદ કરવાનો પ્રયાસ કર્યો છે.

ઉક્ત પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં મુખ્યમંત્રીશ્રી તથા અન્ય સભ્યશ્રીઓના મંતવ્યો જાણ્યા બાદ નિર્ણય આપવાનું તત્સમય પૂરતુ મુલતવી રાખી તા.૧૩.૩.૦૭ (બીજી બેઠક) ના રોજ માન. અધ્યક્ષશ્રી(પ્રો. મંગળભાઈ પટેલ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

" સંસદીય લોકશાહીમાં ગૃહના નેતા ગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવતા હોઈ મુખ્યમંત્રીશ્રી ગમે તે વખતે ગૃહની ચર્ચામાં દરમિયાન થઈ શકે અને માર્ગદર્શન પણ આપી શકે છે." આના સમર્થનમાં અધ્યક્ષશ્રીએ કૌલ અને શકધરના પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ પુસ્તકના પાના નં. ૧૩૯ અને ૧૪૦ પરના નીચે દર્શાવેલ અવતરણ પણ ગૃહના ધ્યાન પર મૂકયા હતા........

" Leader of the House is an important parliamentary functionary and exercises direct influence on the course of the business. The whole policy of the government, so far as it is expressed in the inner life of the House and in measures dealing with the course of the business, is concentrated in his person. He is instrumental in setting the official business and inter-se priority among various items of government business. He is the most influential figure in the entire legislative process. He advises the House in every difficulty as it arises. He shapes the course and content of the legislation. He has the right to address the House whenever he likes. He is consulted by the Speaker in regard to the arrangement of government business and allotment of time for discussion on various parliamentary measures. He acts as the Spokesman or the representative of the whole House. "

ઉકત અવતરણો ટાંકી માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યુ હતુ કે, " ઉપર પ્રમાણેની પરિસ્થિતિ હોવા છતાં ભૂતકાળમાં કેટલાક પ્રસંગોએ ચર્ચા હેઠળની કોઈ બાબત સંબંધે મુખ્યમંત્રીશ્રી વધુ માહિતી આપવા કે સ્પષ્ટતા કરવા ઉભા થયા હોય ત્યારે વિરોધપક્ષના નેતા તથા સભ્યો ધ્વારા વિરોધ કરવાનું વલણ રહયું છે તે યોગ્ય ન ગણાય. વધુમાં તેમણે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૩૭ તરફ ધ્યાન દોરી જણાવ્યું હતું કે નિયમમાં તે બાબત બહુ સ્પષ્ટ હોવા છતાં વિરોધપક્ષના નેતા તરીકે કોઈપણ બાબતે ગૃહના કોઈપણ સભ્ય અને તેમાંય ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી સામે આક્ષેપ કરતા પહેલાં હકીકતોની પૂરતી ચકાસણી કરવી જોઈએ અને તેના સમર્થનમાં તેમની સામે જે કોઈ પુરાવા ઉપલબ્ધ હોય તે રજૂ કરવા જોઈએ." ભવિષ્યમાં આ બાબતે વિરોધ પક્ષના નેતા કાળજી રાખશે એવી માન. અધ્યક્ષશ્રીએ આશા વ્યકત કરી હતી.

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૬ અને ૧૨૮ઃ ૨૦૦૭)**

**૧૧. પ્રશ્નો :**

**પ્રશ્નકર્તા સભ્યશ્રીનું અંગત હિત –**

**મુખ્યમંત્રીશ્રીનો અધિકાર –**

**પોઈન્ટ ઓફ ઓર્ડર દરમિયાન પોઈન્ટ ઓફ ઓર્ડર**

**(૧) જે બાબતમાં પોતાનું અંગત હિત સમાયેલું હોય તેવા પ્રશ્નો પૂછવાથી સભ્યશ્રીએ દૂર રહેવું જોઈએ**

**(૨) મંત્રી મંડળના વડા તરીકે મુખ્ય મંત્રીશ્રીને કોઈપણ ખાતાને લગતા પ્રશ્નો પર દરમિયાનગીરી કરવાનો કે માર્ગદર્શન આપવાનો અધિકાર છે.**

**(૩) એક પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો પૂર્ણ થયા બાદ જ બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય.**

તા. ૨૮–૨–૦૫ના રોજ પ્રશ્નોત્તરી સમય દરમિયાન સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાના " બી. એડ અને પી. ટી. સી. કોલેજોને મંજૂરી આપવા અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૯૮૫૨ની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન શિક્ષણ મંત્રીને પ્રશ્નમાં શ્રી બાવળીયાનું અંગતહિત જણાતાં તેમણે તેમના જવાબમાં ઉકત પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી બાવળીયાને ઉદ્દેશીને શૈક્ષણિક ક્ષેત્રે શ્રી બાવળીયાના અંગતહિત સંબંધમાં કેટલાક ઉચ્ચારણો કરતાં સભ્ય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાએ સભ્યશ્રીના અંગતહિત સંબંધે મંત્રીશ્રીએ કરેલ બદનક્ષીકારક ઉચ્ચારણો કાર્યવાહીમાંથી રદ કરવા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા ચાલુ હતી તે દરમિયાન જ વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ "રાંધણગેસના સિલિન્ડર ઉપર વેચાણવેરા પેટે થયેલ આવક " અંગેના સભ્યશ્રી પુંજાભાઈ વંશના તારાંકિત : ૮૨૬૨ની પ્રશ્નોત્તરી દરમિયાન મુખ્યમંત્રીશ્રી ધ્વારા, " રાજયને નજીકના ભવિષ્યમાં પાઈપલાઈન મારફત ગેસ પૂરો પાડવામાં આવશે" એવી જે માહિતી આપી હતી તે મૂળ પ્રશ્ન સાથે સુસંગત ન હતી અને મુખ્યમંત્રીશ્રી ધ્વારા આ પ્રકારે દરમિયાનગીરી કરીને મૂળ પ્રશ્ન સાથે સુંસગત ન હોય તેવી માહિતી આપી તે ગૃહના નિયમો અને પ્રણાલિકા સાથે સુંસગત નથી તેમ જણાવી મૂળ પોઈન્ટ ઓફ ઓર્ડરથી બીજો મુદ્દો ઉપસ્થિત કરતાં ઉકત બાબતો સંબધમાં અન્ય મંત્રીશ્રીઓ તથા સભ્યશ્રીઓનાં મંતવ્યો સાંભળી અધ્યક્ષે તેમનો નિર્ણય પાછળથી આપવા જણાવી નિર્ણય મુલતવી રાખ્યો હતો. ત્યારબાદ તા. ૧૦/૩/૦૫ (બીજી બેઠક)ના રોજ માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ) એ મુલતવી રહેલ બાબતો સંબંધમાં નીચે દર્શાવ્યા મુજબ અવલોકનો કર્યા / નિર્ણય આપ્યો :–

" એક મહત્વની બાબત મારે ગૃહના ધ્યાન પર મૂકવાની કે સુસ્થાપિત સંસદીય કાર્યરીતિ અને પ્રણાલિકાઓ અનુસાર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પ્રજાને સ્પર્શતા પ્રશ્નોની ગૃહમાં રજૂઆત કરતી વખતે હંમેશા જાહેર હિતને જ પ્રાધાન્ય આપવું જોઈએ. ગૃહ સમક્ષ કોઈપણ પ્રશ્નની રજૂઆત કરતી વખતે તે પ્રશ્નમાં તેમનું પોતાનું સહેજપણ અંગત હિત સમાયેલું હોય તો ચૂંટાયેલા સભ્યોએ પાળવાની આચારસંહિતા મુજબ સૌ પ્રથમ તેની જાહેરાત કરીને જ પ્રશ્નની ગૃહ સમક્ષ રજૂઆત કરવી જોઈએ. મારા પુરોગામી અધ્યક્ષે પણ આ બાબતમાં એવો નિર્ણય આપ્યો છે કે, " કોઈપણ ધંધા–વ્યવસાય સાથે જોડાયેલા સભ્ય તે ધંધામાંના પોતાના અંગત હિત માટેના પ્રશ્નો પૂછી શકશે નહીં " (નિર્ણય ક્રમાંક : ૫૧, ૧૯૮૫–૨૦૦૨). આ ઉપરાંત સને ૨૦૦૧માં નવી દિલ્હી ખાતે મળેલ વિધાનમંડળોના પ્રમુખ અધિકારીઓની પરિષદ કે જેમાં તમામ પક્ષોના નેતાઓ, દંડકો, ઉચ્ચ પદાધિકારીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પાળવાની આચારસંહિતાનો અમલ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે ત્યારે મને લાગે છે કે સભ્યોએ પોતાના અંગત હિતને સ્પર્શતા પ્રશ્નો પૂછવાથી દૂર રહેવું જોઈએ. ભવિષ્યમાં આ બાબતમાં ગૃહના સહુ સભ્યો તકેદારી રાખશો એવી હું અપેક્ષા રાખુ છું. "

"બીજુ કે વિરોધપક્ષના નેતાશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દા સંબંધે તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૮૨૬૨ની કાર્યવાહી નોંધ હું જોઈ ગયો છું. રાજયમાં રાંધણગેસના સિલિન્ડર પરના વેચાણવેરા અંગેના સભ્યશ્રી પુંજાભાઈ વંશ ધ્વારા પૂછાયેલા પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન " ગુજરાત સરકાર ગેસ સિલિન્ડર પર સ્પેશ્યલ સબસિડી આપીને મહિલાઓને રાહત આપવા માગે છે કે કેમ " તેવા સભ્ય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા ધ્વારા પૂછવામાં આવેલા એક પૂરક પ્રશ્નનો નાણામંત્રીશ્રી ધ્વારા જવાબ અપાયા બાદ મુખ્યમંત્રીશ્રીએ પ્રશ્ન અંગે ગૃહને વિશેષ માહિતી પૂરી પાડવાના હેતુથી એવું જણાવ્યું હતું કે રાજયમાં નજીકના ભવિષ્યમાં જ પાઈપલાઈન મારફત ગેસ ઉપલબ્ધ થનાર હોઈ હવે ગુજરાતની તમામ બહેનોને ઘરે ગેસના સિલિન્ડર પહોંચાડવાની સમસ્યા રહેશે નહી. મને લાગે છે કે મુખ્યમંત્રીશ્રીએ જે વિશેષ માહિતી ગૃહને આપી હતી તે સભ્ય ડૉ. ચંદ્રિકાબહેન ચુડાસમા તથા સભ્યશ્રી ગોવાભાઈ રબારીએ પૂછેલા પૂરક પ્રશ્ન સાથે સુંસગત હતી, કારણકે મૂળ પ્રશ્નની પરોક્ષ

રીતે વિસ્તૃત કરેલ ક્ષેત્ર મર્યાદામાં મેં જયારે બંને સભ્યશ્રીઓના પૂરક પ્રશ્નો માન્ય કર્યા ત્યારે મુખ્યમંત્રીશ્રીએ જે પ્રત્યુત્તર આપ્યો હતો તે નિયમો અને પ્રણાલીઓ સાથે સુસંગત છે એમ મને લાગે છે, કારણકે મંત્રીમંડળના વડા તરીકે કોઈપણ ખાતાને લગતા પ્રશ્નો પર દરમિયાનગીરી કરવાનો કે માર્ગદર્શન આપવાનો તેઓને અધિકાર છે અને આ જ કારણોસર વિરોધપક્ષના નેતાશ્રીનો આ બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હું સ્વીકારી શકતો નથી."

"એક બીજી બાબત પણ આ તબકકે મારે ગૃહના ધ્યાન પર મૂકવાની કે પોઈન્ટ ઓફ ઓર્ડરને લગતા વિધાનસભાના નિયમોના નિયમ ૪૭ની જોગવાઈઓ તથા તે સંબંધી મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો મુજબ એક પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો પૂર્ણ થયા બાદ જ બીજો પોઈન્ટ ઓડ ઓર્ડર ઉઠાવી શકાય. પ્રસ્તુત કિસ્સામાં પ્રથમ પોઈન્ટ ઓફ ઓર્ડરથી સ્વતંત્ર રીતે ગૃહની કાર્યવાહી સંબધી બીજી બાબત અંગે વિરોધપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે પોઈન્ટ ઓફ ઓર્ડર અંગેના નિયમો સાથે સુસંગત ન હતો તેમ મને લાગે છે. ભવિષ્યમાં આ બાબતમાં વિશેષ કાળજી રખાશે તેની હું આ તબકકે આશા રાખું છું."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૧૦ અને ૧૧૩: ૨૦૦૫)**

**૧૨. પ્રશ્નો :**

**નિરીક્ષણ –**

**સભ્યશ્રી ઈચ્છે તેવો પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપી ન શકે**

તા. ૨૫/૨/૦૫ના રોજ સભ્ય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાના " રાજય માનવ અધિકાર પંચની રચના કરવા " અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૫૫૧ની ચર્ચા દરમિયાન સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા ધ્વારા પૂછાયેલા, પોલીસ કસ્ટડી અને જેલ કસ્ટડીમાં મૃત્યુ પામનારાઓમાં દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતનો ક્રમ જણાવા અંગેના એક પેટા પ્રશ્નનો જવાબ ગૃહમંત્રીશ્રી (રાજયકક્ષા) આપી રહયા હતા ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ, " અમારે આખા ભારતનું નથી સાંભળવું " એવું જણાવતાં માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ) એ નીચે મુજબ અવલોકન કર્યુ :–

" બધા સભ્યશ્રીઓ એવું ઈચ્છે કે પ્રશ્ન પૂછયો હોય અને પોતાના મનમાં જે જવાબ હોય તેવો જવાબ મંત્રીશ્રી આપે, પણ સભ્યશ્રી ઈચ્છે તેવો પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપી ન શકે. "

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૧૦: ૨૦૦૫)**

**૧૩. પ્રસ્તાવ :**

**પોંઈન્ટ ઓફ ઓર્ડર :**

**અધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ :**

**૭ દિવસની ગણતરીમાં માત્ર સત્રના જ દિવસો ગણાય.**

તા.૨૦–૭–૦૭ના રોજ રાજયકક્ષાના ગૃહમંત્રી શ્રી અમિત શાહ વિધેયક ક્રમાંકઃ૩૧ મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક–૨૦૦૭ રજૂ કરવા ઉભા થયા તે સમયે વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે, અધ્યક્ષને પદ પરથી દૂર કરવાના પ્રસ્તાવને તા.૨૮–૩–૦૭ ના રોજ સભાગૃહની પરવાનગી મળી ગઈ હોઈ, નિયમોનુસાર અનુમતિ મળ્યા બાદ મોડામાં મોડા સાત દિવસમાં તેના પર ચર્ચા થવી જોઈએ. અધ્યક્ષને પદ પરથી દૂર કરવાના પ્રસ્તાવની સૂચનાને ૭ ના બદલે ૭૦ દિવસ કરતાં પણ વધારે સમય થયો હોઈ તેને તા.૧૯–૭–૦૭ના રોજના એજન્ડામાં ચર્ચા માટે હાથ ધરવા નહિં દર્શાવી નિયમ–૧૦૩ ની જોગવાઈનો ભંગ કરેલ છે.

ઉક્ત મુદ્દાની ચર્ચામાં સભ્યશ્રી ડૉ. દિનેશ પરમાર, સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરા, વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત, સભ્યશ્રી પરેશ ધાનાણી તથા નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

ઉક્ત મંત્રીશ્રીઓ / સભ્યશ્રીઓના મંતવ્યો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષ (પ્રો.મંગળભાઈ પટેલ)એ અધ્યક્ષ / ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવા સંબંધમાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ –૧૦૩ ની જોગવાઈ તરફ ધ્યાન દોરીને જણાવ્યું હતું કેઃ– "અધ્યક્ષ / ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાના પ્રસ્તાવને સભાગૃહની અનુમતિ મળ્યા બાદ સાત દિવસ કરતાં મોડા નહિ એવા કોઈ પણ દિવસે ચર્ચા માટે હાથ ધરવા કામકાજની યાદીમાં દર્શાવવાનો રહે છે. ૭ દિવસની ગણતરીમાં માત્ર સત્રના દિવસો ધ્યાને લેવાના રહે છે. ઉક્ત પ્રસ્તાવને ગૃહની પરવાનગી મળ્યા બાદ સાત દિવસ થતા નહિં હોવાથી વિરોધપક્ષના નેતાએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર સ્વીકારી શકાય નહિં."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૩૧ઃ ૨૦૦૭)

## ૧૪. બિન– સરકારી. સંકલ્પો :

### પોઈન્ટ ઓફ ઓર્ડરઃ

**(૧) સભાગૃહમાં હાજર ન હોય તેઓના નામનો ઉલ્લેખ ન કરવા બાબત**
**(૨) અસમાજિક તત્વો તરીકેની ખ્યાતિ ધરાવનારનો નામોલ્લેખ થાય તો તે ચલાવી ન લેવાય**

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ સભ્યશ્રી સુનિલ ઓઝાએ તેમના " માન્યતા પ્રાપ્ત અને ધર્મ આધારિત ટ્રસ્ટ સંચાલિત શાળાઓ જે નિયત અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ આપતી નથી તેમના ઉપર પગલાં ભરવા બાબત " ના બિન સરકારી સંકલ્પની રજૂઆત દરમ્યાન મદ્દેસાઓ સાથે જોડાયેલ અમુક અસામાજિક તત્વોના નામોનો અવાર–નવાર ઉલ્લેખ કરતાં વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીએ સભાગૃહમાં હાજર ન હોય તેઓના નામનો ઉલ્લેખ કરવા સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી તેને રેકર્ડ ઉપરથી દૂર કરવા જણાવતાં અન્ય વક્તાઓને સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો.

" સ્વાભાવિક રીતે ગૃહમાં હાજર ન હોય એનું નામ દઈને વાત નહી કરવી જોઈએ પરંતુ અહીંયા અસામાજિક તત્વો તરીકેની જે ખ્યાતિ થયેલ હોય એના આધારે નામોલ્લેખ થયેલ હોઈ એને ચલાવી લઈએ છીએ હવે વારંવાર આવા નામનો ઉલ્લેખ ન થાય એની કાળજી લેવાવી જોઈએ."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૯૩ઃ ૨૦૦૩)

## ૧૫. રાજયપાલશ્રીનું સંબોધન :

### આભાર પ્રસ્તાવ :

### મંત્રીશ્રીઓની ગેરહાજરી

તા. ૪થી માર્ચ, ૨૦૦૩ના રોજ નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાની બીજા દિવસની ચર્ચા દરમ્યાન ટ્રેઝરી બેંચ પર સિનિયર મંત્રીશ્રીઓની અનુપસ્થિતિ જણાતાં તે સંબંધમાં સભ્યશ્રી ભરતભાઈ સોલંકીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં ઉક્ત મુદ્દા અંગે સભ્યશ્રી ભરતભાઈ બારોટ તથા બીજા કેટલાક સભ્યોને સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો.

" અહીયાં ચાર મંત્રીઓ હાજર છે. એ વખતે ચાર હતા. માનનીય ભરતભાઈ (બારોટ) એ ઠરાવ મૂકયો છે એ પણ હાજર છે. માનનીય મુખ્ય દંડકશ્રી પણ હાજર છે. એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી પરંતુ જયારે મંત્રીશ્રીઓને કોઈ મહત્વનું કામ હોય અને સભાગૃહમાં હાજર ન રહી શકે તો ચાલી શકે, પણ મહત્વનું કામ ન હોયતો તમામ મંત્રીશ્રીઓએ શકય હોય ત્યાં સુધી સભાગૃહમાં હાજરી આપવી જોઈએ."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૯૪: ૨૦૦૩)

**૧૬. રાજયપાલશ્રીનું સંબોધન :**

**આભાર પ્રસ્તાવ :**

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર સુધારા આપનાર સભ્યશ્રીઓએ તેની ચર્ચા વખતે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ .**

તા. ૨૩/૨/૦૪ ( બીજી બેઠક)ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા (પહેલો દિવસ) દરમિયાન આભાર પ્રસ્તાવ પર સુધારા રજૂ કરવાના તબકકે સુધારા આપનાર કુલ ૨૬ સભ્યશ્રીઓ પૈકી પાંચ સભ્યશ્રીઓએ તેમના સુધારા રજૂ કર્યા અને બાકી સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી તેમના સુધારા ગૃહમાં રજૂ નહીં થઈ શકતાં માન. અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ) એ નીચે મુજબ અવલોકન કર્યુ .

" માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પરિશ્રમ કરીને રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર ૨૬ જેટલા સુધારા આપ્યા તેની હું આ તકે નોંધ લઉ છું પરંતુ એ બાબત પણ અત્યંત ચિંતાજનક છે કે એમાંથી માત્ર પાંચ માનનીય સભ્યશ્રીઓએ તેમના સુધારા ગૃહમાં રજૂ કર્યા છે. મને લાગે છે કે સુધારા આપનાર અન્ય સભ્યશ્રીઓએ પૂરી ગંભીરતાથી તેમના સુધારા આપ્યા નથી અને આ પરિસ્થિતિ કોઈ પણ રીતે યોગ્ય નથી. ભવિષ્યમાં સુધારા આપનાર સભ્યશ્રીઓ સમયસર ગૃહમાં હાજર રહીને તેમના સુધારા રજૂ કરશે તેવી હું આ તકે અપેક્ષા રાખુ છું."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૦૩: ૨૦૦૪)

**૧૭. વિધેયકો :**

**કામકાજ સલાહકાર સમિતિ :**

**રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવા સરકારી વિધેયકો પણ કામકાજ સલાહકાર સમિતિની ભલામણથી વિચારણામાં લઈ શકાય.**

તા. ૨૯મી માર્ચ, ૨૦૦૭ની (પહેલી બેઠક) ના રોજ સન. ૨૦૦૭ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૪, ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક, ૨૦૦૭ના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ જળસંપત્તિ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ રજૂ કરતા હતા ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી અજુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે, રાજયપાલશ્રીના પ્રવચનમાં ૬ બિલોનો ઉલ્લેખ થયેલો છે જયારે અંદાજપત્રને સંબંધિત ન હોય એવા જે વૈધાનિક કામકાજના બિલો સરકાર લાવવા માગતી હોય તો તેનો ઉલ્લેખ રાજયપાલશ્રીના પ્રવચનમાં થવો જોઈએ, એવું વાંરવાર પ્રતિપાદિત થયેલું છે.

ઉકત ચર્ચાના સમર્થનમાં કૌલ એન્ડ શકધરના પ્રેકટિસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટના દસમા પ્રકરણના પાના નં. ૧૮૦ ઉપરનો ઉતારો તેમજ પાગે કમિટિની ભલામણો ટાંકી જે વિધેયકનો રાજયપાલના પ્રચવનમાં ઉલ્લેખ ન હોય તે વિધેયકો

દાખલ થવા પાત્ર નથી તેમજ તેવા વિધેયકોની વિચારણા પણ હાથ ધરી શકાય નહિં એમ જણાવી અધ્યક્ષશ્રીના માર્ગદર્શનની માગણી કરી હતી. પ્રસ્તુત બાબતની ચર્ચામાં સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ તથા નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પણ તેમના મંતવ્યો વ્યકત કર્યા હતા.

ત્યારબાદ અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ)એ નિર્ણય આપતા જણાવ્યું કેઃ–

" રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તો પણ કામકાજ સલાહકાર સમિતિની ભલામણથી આવાં વિધેયકોની વિચારણા હાથ ધરી શકાય છે. બંધારણ કે નિયમો હેઠળ પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવાં વિધયકોને દાખલ કરવા કે તેની વિચારણા હાથ ધરવા અંગે કોઈ નિષેધ નથી. આ વિધેયકોને નિયમ–૧૨૭ (ક)ના પરંતુક અન્વયે તેઓશ્રીએ પૂર્વપ્રસિધ્ધિ માટે મંજૂરી આપી છે ત્યારે વિધેયકોની દાખલ પાત્રતા કે તેની વિચારણા કરવા અંગેના પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરતો નથી "

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૩૦ઃ ૨૦૦૭)

**૧૮. વિધેયકો :**

**કામકાજ સલાહકાર સમિતિ :**

**સમિતિ સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરીને તેની વિચારણા પૂરી કરવાની ભલામણ કરી શકે છે.**

તા.૨૨–૨–૦૭ના રોજ કામકાજ સલાહકાર સમિતિના ૧૪મા અહેવાલની રજૂઆત બાદ વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને રજૂઆત કરી હતી કે કામકાજ સલાહકાર સમિતિ સરકારી વિધેયકોની વિચારણા માટે સમયમર્યાદા ઠરાવી શકે નહિં. સમિતિને વિધેયકો વિચારણા માટે હાથ ધરવાની ભલામણ કરવાની સત્તા છે પરંતુ તે કેટલી સમય મર્યાદામાં પૂરી કરવી તેવી ભલામણ કરવાની નિયમોથી કોઈ સત્તા નથી.

ઉકત મુદ્દા સંબંધમાં સભ્યશ્રી પૂંજાભાઈ વંશ, સભ્યશ્રી ગોવાભાઈ રબારી, સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ તથા નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતપોતાના મંતવ્યો વ્યકત કર્યા હતાં.

માનનીય અધ્યક્ષશ્રી (પ્રો. મંગળભાઈ પટેલ)એ નિયમ ૧૯૧ની જોગવાઈનો ઉલ્લેખ કરી જણાવ્યું કેઃ–

" સમિતિને સરકારી વિધેયકોના તબકકાઓ ઉપર ચર્ચા કરવા માટે કેટલો સમય ફાળવવો તે અંગે ભલામણ કરવાની નિયમોથી સત્તા મળેલી છે. ભૂતકાળમાં પણ સરકારી વિધેયકો સંબંધમાં તેની વિચારણા હાથ ધરીને પૂરી કરવાની ભલામણો સમિતિએ અનેક પ્રસંગોએ કરેલી છે ત્યારે સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરતો નથી."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૫ઃ ૨૦૦૭)

**૧૯. વિધેયકો :**

**ન્યાયતંત્રની ગરિમા :**

**ન્યાયતંત્રની ગરિમાને હાનિકર્તા ઉચ્ચારણો વકતવ્ય દરમિયાન કરવા જોઈએ નહીં.**

તા. ૨૧મી મે, ૨૦૦૪ના રોજ સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬," ગુજરાત જાહેર સત્તાધિકારીઓના સીલ " બાબત વિધેયક, ૨૦૦૪ની ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્ય ડાૅ. દિનેશ પરમારે ન્યાયતંત્રને લગતાં કેટલાંક ઉચ્ચારણો કર્યાં હતાં. જેની સામે સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી સભ્ય ડાૅ. દિનેશ પરમારે કરેલ

ઉચ્ચારણો ન્યાયતંત્રની ગરિમાને હાનિકર્તા હોઈ તે ઉચ્ચારણો કાર્યવાહીમાંથી રદ કરવા વિનંતી કરતાં માન. અધ્યક્ષ (પ્રો. મંગળભાઈ પટેલ) એ નીચે મુજબ નિર્ણય આપ્યો.

" આ બાબતમાં મેં ડૉ. દિનેશ પરમારના ઉચ્ચારણો અંગેની ગૃહની કાર્યવાહીના ભાગ જોયા બાદ નિર્ણય આપવા જણાવ્યું હતું. ડૉ. દિનેશ પરમારે ન્યાયતંત્ર વિશે જે ઉચ્ચારણો કર્યા છે તે અંગેનું રેકડ મેં ચકાસ્યુ છે અને રેકર્ડ જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે, ડૉ. પરમારે ન્યાયતંત્રની ગરિમાને હાનિકર્તા જે ઉચ્ચારણો કર્યા છે તે બંધારણની જોગવાઈઓ તથા વિધાનસભાના નિયમોના નિયમ ૩૪ (૧૧)ની જોગવાઈનો પણ ભંગ કરતા હોઈ તે ઉચ્ચારણો હું રેકર્ડમાંથી દૂર કરું છું. આ તબકકે હું ગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર એ બાબત મૂકવા માગું છું કે બંધારણની જોગવાઈઓ તથા વિધાનસભાના નિયમોની કેટલીક જોગવાઈઓ હેઠળ ગૃહમાં થતી ચર્ચા ઉપર મર્યાદા મૂકવામાં આવી છે અને તે સંબંધમાં વિધાનસભાના નિયમ–૩૪માં વિસ્તૃત રીતે જોગવાઈ કરવામાં આવી છે. આપ સૌ જાણો છો કે રાજયવ્યવસ્થાના ત્રણેય અંગોએ એકબીજાના ક્ષેત્રાધિકારમાં દખલગીરી કર્યા સિવાય બંધારણ હેઠળ તેમને મળેલ અધિકારોની મર્યાદામાં રહીને પોતાની ફરજો બજાવવાની હોય છે. ન્યાયતંત્ર પણ લોકશાહી શાસન વ્યવસ્થામાં ખૂબ જ મહત્વના સ્થાને છે અને તેની ગરિમા જળવાઈ રહે તે માટે તેના વહીવટ ઉપર ટીકા કે આક્ષેપો ન કરવા હું સૌ સભ્યોને વિનંતી કરું છું અને ડૉ. દિનેશ પરમાર આ બાબતમાં કાળજી લેશે તેવી તેમની પાસેથી અપેક્ષા રાખું છું. "

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૦૪: ૨૦૦૪)

## ૨૦. વિધેયકો :

### પુન : વિચારણા માટે પરત થયેલ વિધેયકો :

### નામદાર રાષ્ટ્રપતિએ પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક નવું વિધેયક ન હોવાથી તેનો રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરવો જરૂરી નથી.

તા. ૨/૬/૦૪ના રોજ રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહે રજૂ કરેલ સન–૨૦૦૩ના વિધેયક ક્રમાંકઃ ૩૦, સન–૨૦૦૩ના ગુજરાત સંગઠીત ગુના નિયંત્રણ વિધયેકના પહેલા વાંચન દરમિયાન વિરોધપક્ષના દંડકશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉકત વિધેયકનો સમાવેશ નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં થયેલ ન હોવાથી તેમજ તે વિધેયક કામકાજ સલાહકાર સમિતિ સમક્ષ રજૂ થયેલ ન હોવાથી આ વિધેયક ઓર્ડરમાં નથી તેથી તેને હાથ ધરવું જોઈએ નહીં તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તથા તેના સમર્થનમાં શ્રી મોઢવાડિયાએ કેટલાક સંદર્ભો પણ ટાંકયા હતા.

ઉકત બાબતે વિસ્તૃત ચર્ચા બાદ, અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરી તે પરનો વિગતવાર નિર્ણય પછીથી આપવા જણાવ્યું હતું.

ઉકત બાબતે માન. અધ્યક્ષશ્રી (પ્રો.મંગળભાઈ પટેલ)એ તા. ૧૦/૬/૦૪ (બીજી બેઠક)ના રોજ નીચે મુજબનો વિગતવાર નિર્ણય જાહેર કર્યો હતોઃ–

" ભારતના બંધારણની કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિશ્રીના તા. ૧૬મી માર્ચ, ૨૦૦૪ના સંદેશા મુજબ તા. ૨જી જૂન, ૨૦૦૪ના રોજ સન ૨૦૦૩ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૦ ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૦૩ પુનર્વિચારણા માટે હાથ ધરતી વખતે વિરોધ પક્ષના દંકડશ્રી, અર્જુનભાઈ મોઢવાડિયાએ વિધેયકની વિચારણા કરવા પર પોંઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વિધેયકને આજે હાથ ધરવાની મંજૂરી આપવી ન જોઈએ એવો આગ્રહ રાખ્યો હતો.

તેમની દલીલના સમર્થનમાં શ્રી મોઢવાડિયાએ એમ. એન. કૌલ અને એસ. એલ. શકધરની " સંસદીય કાર્યપ્રણાલી અને કાર્યપધ્ધતિ " પુસ્તકના પાના ક્રમાંક : ૧૯૭ ઉપરના નીચે મુજબ ફકરાઓને ટાંકયા હતા.

" સરકારની નીતિઓનું એ નિવેદન હોવાથી પ્રવચનનો મુસદ્દો સરકાર તૈયાર કરે છે. આથી પ્રવચનની વિગતો માટે રાષ્ટ્રપતિશ્રી નહીં પરંતુ સરકાર જવાબદાર છે. તેમાં સરકારની ગયા વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓનું પુનરાવલોકન તથા મહત્વની આંતરિક અને પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય સમસ્યાઓને અનુલક્ષીને તેની નીતિઓનો સમાવેશ કરવામાં આવે છે. એમાં સત્ર દરમિયાન સરકારના કાર્યક્રમોના સંક્ષિપ્ત વિવરણનો પણ સમાવેશ થાય છે જો કે એમાં સત્ર દરમિયાન કરવાના સંભવિત સંપૂર્ણ વૈધાનિક કામકાજનો સમાવેશ થતો નથી. આથી બુલેટિનમાં, પ્રવચન બાદ એક જુદા ફકરામાં સત્ર દરમિયાન સરકાર સંભવતઃ જે કામો હાથ પર લેવાની હોય છે તેની વિગતો પ્રકાશિત કરવામાં આવે છે. "

રાજયોમાં, રાજયપાલશ્રી રાજય વિધાનમંડળ સમક્ષ " સત્ર બોલાવવાના / આહવાનનાં કારણો " જણાવતું પ્રવચન કરે છે. જો રાજયપાલશ્રી પ્રવચન કરવાને અસમર્થ હોય તો રાજયપાલશ્રીની કામગીરી કરવા માટે રાષ્ટ્રપતિશ્રી બીજી જોગવાઈઓ કરી શકે છે. આ જોગવાઈ ફરજિયાત છે. આ સંદર્ભમાં, કલકત્તાની ઉચ્ચ અદાલતે અવલોકન કર્યુ હતું કે

" કલમ–૧૭૬ અંતર્ગત જો રાજયપાલના પ્રારંભિક પ્રવચન પહેલાં જરૂરિયાત ઉભી થતાં કોઈ વિધાનમંડળ મળે અને વૈધાનિક કામકાજ કરે તો તેની કામગીરી ગેરકાનૂની તથા અમાન્ય છે અને કાયદાની અદાલતમાં તેને પડકારી શકાય છે. "

વધુમા, તેમણે પાગે સમિતિની નીચે મુજબની ભલામણો પણ ટાંકી હતીં."

" રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકાર વર્ષ દરમિયાન ગૃહની સમક્ષ જે તમામ વૈધાનિક અને અન્ય મહત્વનાં કામકાજ રજૂ કરવાની હોય તેનું ચોકકસ વિગતો સાથે વર્ણન હોવું જોઈએ. રાજયપાલશ્રીના પ્રવચનમાં સમાવેશ થયો ના હોય એવા કોઈ ધારાને કામકાજ સલાહકાર સમિતિની સલાહ પર ગૃહની સ્પષ્ટ સંમતિ વગર ગૃહ સમક્ષ લાવવાની મંજૂરી અપાવી જોઈએ નહી. "

ઉપરોક્ત મુદ્દાઓને આધારે શ્રી મોઢવાડિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજયપાલશ્રીના પ્રવચનમાં આ વિધેયકનો સમાવેશ થયો ન હતો અને તેને કામકાજ સલાહકાર સમિતિ સમક્ષ પણ રજૂ કરવામાં આવ્યું ન હતું. આથી, પ્રર્વતમાન વિધેયકને ગૃહ સમક્ષ રજૂ કરી શકાય નહિં.

શ્રી મોઢવાડિયા પોતાની દલીલોમાં અધ્યક્ષશ્રીના તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ આપવામાં આવેલા એ નિર્ણયને ટાંકીને આગળ વધ્યા હતા કે જેમાં વિરોધપક્ષના સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ એવો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) વિધેયક, ૧૯૮૬ને સત્રમાં લાવવાનો રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોવાથી તે વિધેયકને દાખલ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે, વિરોધપક્ષના સભ્યોને વિધેયક ઉપર સુધારાઓ રજૂ કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો ન હતો, એટલે વિધેયક આજે હાથ ધરાવું ન જોઈએ.

પોઈન્ટ ઓફ ઓર્ડર પર બોલતાં વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી તથા શાસક પક્ષના બીજા સભ્યશ્રીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિધેયક ઉપર પુનર્વિચારણા કરીને તેમાં જરૂરી સુધારા કરવા માટેના રાષ્ટ્રપતિશ્રીના નિર્દેશ અનુસાર વિધેયક ગૃહની પુનર્વિચારણા માટે લાવવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિશ્રીના નિર્દેશોનું વહેલાંમાં વહેલી તકે પાલન કરવા સરકાર ફરજથી બંધાયેલી છે. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે પ્રવર્તમાન વિધેયક એ કોઈ નવું વિધેયક નથી તથા ૨૬મી માર્ચ,

૨૦૦૩ના રોજ ગૃહે તેને પસાર કરી દીધું છે. આજે રાષ્ટ્રપતિશ્રીના નિર્દેશ મુજબ ગૃહમાં તેના ઉપર પુનર્વિચારણા કરવાની છે અને તેથી ચર્ચાને મર્યાદિત અવકાશ છે.

બન્ને બાજુએથી રજૂ થયેલા મંતવ્યો સાંભળીને શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તે સમયે ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરને મેં અમાન્ય કર્યો હતો અને મેં જાહેર કર્યુ હતું કે, પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપરનો વિગતવાર નિર્ણય પછીથી આપવામાં આવશે.

તદનુસાર, મારી સમક્ષ ઉઠાવવામાં આવેલા મુદ્દા માટે હું પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા, કલકત્તા વડી અદાલતનો ચુકાદો, કાર્યરીતિના નિયમો, સંસદમાંની કાર્યપ્રણાલી અને કાર્યરીતિ અને ભારતના બંધારણની જોગવાઈઓ હું વાંચી ગયો છું. આ બધાના અભ્યાસ પછીનો પોઈન્ટ ઓફ ઓર્ડર પરનો મારો નિર્ણય નીચે મુજબ છે :–

" વિધેયક ઉપર પુનર્વિચારણા કરીને તેના ખંડ–૧૪ થી ૧૬ ને રદ કરવાના સંદેશ સાથે ભારતના રાષ્ટ્રપતિશ્રીએ વિધાનસભાગૃહને ઉકત વિધેયક પાછું મોકલવાવ્યું હતું. સંદેશ મળતાની સાથે જ વિધેયક ઉપર સંદેશાને લગતો જરૂરી શેરો મારીને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૪૭ની જોગવાઈઓ હેઠળ વિધાનસભાગૃહને સંદેશાની જાણ કરવા વિધેયકની પર્યાપ્ત નકલો મેં છપાવી હતી. વિધાનસભાગૃહને સંદેશાની જાણ કરતી વખતે મેં એવી પણ જાહેરાત કરી હતી કે, આ વિધેયક સંદર્ભમાં નિયમ ૧૪૭ ની જોગવાઈ મુજબ આગળ વિચારણા થશે. નિયમ ૧૪૭(૧) ની જોગવાઈ અનુસાર, સંદેશાની જાણ થયા બાદ, ગૃહના કોઈ સભ્ય તેની વિચારણા માટેનો પ્રસ્તાવ એટલે કે તેના પહેલાં વાંચનનો પ્રસ્તાવ રજૂ કરી શકશે. આ કિસ્સામાં, નિયમ ૧૩૦ના પરંતુક હેઠળ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયક ઉપર તા. ૨જી જૂન, ૨૦૦૪ના રોજ વિચારણા કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવાના પોતાના ઈરાદા વિશે મને લેખિતમાં સૂચના આપી હતી. આ વિધેયક સંદર્ભમાં આગળ કાર્યવાહી નિયમ–૧૪૭ની જોગવાઈ મુજબ થશે એવું મેં અગાઉ જાહેર કરી દીધું હોવાથી અને નિયમ–૧૪૭(૨)માં એવી જોગવાઈ છે કે વિધેયકો સંદર્ભમાં વિધાનસભાગૃહની સામાન્ય કાર્યરીતિ જયાં સુધી આવી કાર્યરીતિ નિયમ –૧૪૭ની જોગવાઈઓ સાથે અસંગત ન હોય ત્યાં સુધી લાગુ પડશે. બીજા સત્ર દરમિયાન તા. ૨૬મી માર્ચ ૨૦૦૩ના રોજ આ વિધેયક પસાર થઈ ગયું હોવાથી અને નિયમ–૧૪૭(૨)માં આવા પ્રસ્તાવની અને નિયમ ૧૪૭ની જોગવાઈઓને અનુરૂપ વિધેયકોની સામાન્ય કાર્યરીતિ લાગુ પાડવાની જોગવાઈ હોવાથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦ (૧)ના પરંતુક હેઠળ મંત્રીશ્રીને પુનર્વિચારણા માટેનો પ્રસ્તાવ વહેલો રજૂ કરવાની મંજૂરી આપવાનું મને યોગ્ય લાગ્યુ હતું.

રાજયપાલશ્રીના પ્રવચનમાં વિધેયકોનો સમાવેશ ન થયો હોવા બાબતના શ્રી મોઢવાડિયાના તર્ક અને કલકત્તા વડી અદાલતના ચુકાદા બાબતના તેમના અવલોકન સંબંધમાં મારે જણાવવું જ પડશે કે સંદર્ભો ટાંકવામાં શ્રી મોઢવાડિયાને ગેરસમજ થઈ છે. આવા ઉચ્ચારણો / સંદર્ભો દર વર્ષે પ્રથમ સત્રમાં રાજયપાલશ્રીના પ્રવચન અને તે ધ્વારા તે સત્રને બોલાવવાના આહવાનનાં કારણોની ગૃહને જાણ કરવાની આવશ્યકતાને લાગુ પડે છે. ચુકાદામાં એ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે કે કલમ ૧૭૬ હેઠળ દર વર્ષે પ્રથમ સત્રમાં રાજયપાલશ્રીનું પ્રવચન ફરજિયાત છે. આ વર્ષે ૨૦૦૪માં આની પહેલાંનું સત્ર એટલે કે ચોથું સત્ર રાજયના વડાના પ્રવચન સાથે શરુ થયું હોવાથી ગૃહની કાર્યવાહી અમાન્ય અને ગેરકાનૂની કાર્યવાહીમાં પરિણમવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ તબકકે, " સંસદીય કાર્યપ્રણાલી અને કાર્યરીતિ " પુસ્તકના પાના ક્રમાંક : ૧૯૭ પરના અવતરણ તરફ હું ગૃહનું ધ્યાન પણ દોરવા માંગુ છું, જેમાં જણાવાયું છે કે રાજયપાલના પ્રવચનમાં સમાવેશ ન થયો હોય તેવું કામકાજ પણ સરકાર હાથ ધરી શકે છે. વધુમાં, પ્રવર્તમાન વિધેયકને રાષ્ટ્રપતિશ્રીએ ૧૬મી માર્ચ ૨૦૦૪ના રોજ વિધાનસભાગૃહને પુનર્વિચારણા માટે પરત મોકલ્યું છે અને તેથી વર્ષ દરમિયાનના વૈધાનિક કામોની દરખાસ્તોની યાદીમાં

સમાવેશ કરવા માટેનો તે નવો ધારો નથી. તેથી શ્રી મોઢવાડિયાએ ટાંકેલા અવતરણો, અધ્યક્ષશ્રીનો નિર્ણય અને અવલોકનો આ કિસ્સામાં સુસંગત નથી.

હું ગૃહના ધ્યાન પર એ બાબત પણ લાવવા માંગુ છું કે પ્રવર્તમાન વિધેયકની પુનર્વિચારણા એ ગુજરાત વિધાનસભાના ઈતિહાસનો પ્રથમ પ્રસંગ છે. પ્રવર્તમાન વિધેયક એ નવું વિધેયક નથી અને તે ગૃહમાં અગાઉ દાખલ થઈ ચૂકયું છે. વિધાનસભાગૃહે આ વિધેયકને વિચારણાના તબકકેથી આગળ લઈ જવાનું છે. વિધેયકની જોગવાઈઓથી સભ્યશ્રીઓ સુપેરે પરિચિત પણ છે.

વિધેયક માટે સુધારા રજૂ કરવા માટે પૂરતો સમય ન આપવાના વાંધા સંબંધમાં હું ગૃહને જણાવવા માંગું છુ કે મેં મારા સચિવાલયને સુધારાઓની સૂચનાઓ સ્વીકારવા માટેનો આદેશ આપી જ દીધો હતો પરંતુ એક પણ સભ્યશ્રીએ સુધારા રજૂ કર્યા નથી. જો કોઈપણ સભ્યશ્રીએ સુધારાની સૂચના આપી હોત તો મેં વિધેયકના કલમવાર વાંચનના સમયે તેમના સુધારાને રજૂ કરવા મંજૂરી આપી જ હોત. તેથી, તેમની ઉપરોકત દલીલ પણ સ્વીકાર્ય નથી.

સંસદમાં અપનાવવામાં આવતી કાર્યપ્રણાલી અને કાર્ય પધ્ધતિ, ગુજરાત વિધાનસભાના નિયમોની જોગવાઈઓ અને ભારતના બંધારણની જોગવાઈઓને જોતાં, મેં શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તા. ૨જી જૂન, ૨૦૦૪ના રોજ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો હતો."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૦૬ અને ૧૦૭: ૨૦૦૪)**

**૨૧. વિધેયકો :**

**પોઈન્ટ ઓફ ઓડર :**

**સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટે પ્રોરેટાનું ધોરણ :**

તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૦૭ ના રોજ સરકારી વિધેયકો રજૂ કરવાના તબકકે શાસક પક્ષના દંડકશ્રી જીતેન્દ્રભાઈ સુખડિયાએ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી જણાવ્યું કે, સુસ્થાપિત સંસદીય પરંપરા મુજબ પાર્લામેન્ટ તથા અન્ય રાજય વિધાન મંડળોમાં વિવિધ પક્ષોના સભ્યોને ચર્ચામાં ભાગ લેવાની તક તેમના પક્ષની ગૃહમાંની સભ્ય સંખ્યાના પ્રમાણમાં અપાય છે. ગુજરાત વિધાનસભામાં પણ અગાઉ સભ્યોને પ્રોરેટા મુજબ ચર્ચામાં ભાગ લેવાની તક મળતી હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી શાસક પક્ષ તથા વિરોધપક્ષ ના સભ્યોને વારાફરતી બોલવાની તક આપવાને પરિણામે શાસક પક્ષના સભ્યોને ચર્ચામાં ભાગ લેવાની પૂરતી તક મળતી નથી અને તેને પરિણામે તેમના પક્ષના સભ્યોને અન્યાય થાય છે. આ બાબતમાં કામકાજ સલાહકાર સમિતિમાં પણ વિચારણા થઈ હતી. આથી હવેથી તેમના પક્ષના સભ્યોને પ્રોરેટા મુજબ બોલવાની તક મળવી જોઈએ.

ઉકત મુદ્દા સંબંધમાં વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત, મંત્રી(રા.ક.)શ્રી અમિત શાહ, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના મંતવ્યો સાંભળી માન.અધ્યક્ષશ્રી(પ્રો.મંગળભાઈ પટેલ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો:–

" ચાર વર્ષ સુધી બંને પક્ષોને સરખો સમય મળ્યો અને એ પ્રમાણે ગૃહ ચલાવ્યું એનો મને આનંદ છે. અહીંયાં શાસક પક્ષના મિત્રો છે એમને અને વિરોધપક્ષ એમ બંને બાજુએ એક સરખો ટાઈમ આપ્યો અને છતાં પ્રેમથી સ્વીકાર કર્યો અને ચાલ્યા છે એ માટે આભાર માનું છું. આ વખતે ગૃહમાં જોયું કે, શાસકપક્ષના સભ્યશ્રીઓની લાગણી તીવ્ર છે. એમની ગૃહમાંની સભ્ય સંખ્યાના પ્રમાણમાં ચર્ચાનો સમય આપવામાં આવે તેવી માગણી છે. એ માગણી ન્યાયી છે એટલે મારે એ સ્વીકારવું પડે પરંતુ

એક વાત બલવંતસિંહે કરી એ પણ યાદ કરી લઉં. સપ્રમાણ સમયની અંદર મંત્રીશ્રીઓનો સમય છે એનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. એટલે હવે પછી આ ગૃહની અંદર ચર્ચાનું આયોજન પ્રોરેટા મુજબ થશે."

(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૨૫ઃ ૨૦૦૭)

**૨૨. સમિતિ :**

**કામકાજ સલાહકાર સમિતિ :**

**ગૃહની બેઠકનો સમય લંબાવી ગૃહ સમક્ષનું બાકી કામકાજ પૂરું કરવા કામકાજ સલાહકાર સમિતિ ભલામણ કરી શકે.**

તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે સાતમા સત્ર માટેની સભાઓની કામચલાઉ તારીખવાર યાદી જે અમોને આપવામાં આવી છે, તેમાં તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫થી શરૂ કરીને તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ સુધીનું કામકાજ દર્શાવેલું છે અને તે મુજબ તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫નો દિવસ સત્રનો છેલ્લો દિવસ દર્શાવ્યો છે. જયારે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ જે અત્યારે રજૂ થયો છે તેમાં સત્રના છેલ્લા દિવસની તારીખમાં ફેરફાર કરીને સત્રનો છેલ્લા દિવસ આજે એટલે કે તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ રાખવાની સમિતિએ ભલામણ કરી છે. આ રીતે સત્રના છેલ્લા દિવસની નિયત થયેલી તારીખમાં ફેરફાર કરવાનો કામકાજ સલાહકાર સમિતિને કોઈ અધિકાર નથી. વધુમાં વિરોધપક્ષના નેતાશ્રીએ એવું પણ જણાવ્યું હતું કે નિયમો મુજબ છેલ્લા દિવસનો પ્રસ્તાવ સત્રના છેલ્લા દિવસે કરવામાં આવતો હોય છે. સભાઓની કામચલાઉ તારીખવાર યાદીમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના દિવસે હાથ ધરવાનું દર્શાવ્યું છે અને છેલ્લા દિવસના પ્રસ્તાવની સૂચના આપનાર પ્રભારી સભ્યશ્રી પણ આ પ્રસ્તાવ નિયત થયા મુજબ છેલ્લા દિવસે એટલે કે તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ લેવાશે તેમ માનીને આજે સભાગૃહમાં હાજર પણ નથી. વળી નર્મદા યોજનામાં પુનઃ વસન ન કરી શકવાને કારણે જે સ્ટે આવ્યો છે તેની પણ ગૃહમાં ચર્ચા કરવી પડે તેમ છે. તેથી તેની ચર્ચા માટે અને છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા માટે આવતીકાલે એટલે કે તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ નિયત કાર્યક્રમ મુજબ સભાગૃહની બેઠક રાખવા તેઓશ્રીએ રજૂઆત કરી હતી.

વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓડ ઓર્ડરના મુદ્દા ઉપર સભ્ય ડૉ. દિનેશ પરમાર, નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સભ્યશ્રી જગદીશ ઠાકોર અને સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભŒ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપર સભાગૃહના સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓએ વ્યકત કરેલા મંતવ્યો તથા વિધાનસભાના પ્રવર્તમાન નિયમો, પ્રણાલિકાઓ વગેરેને ધ્યાનમાં લઈને અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો હતો અને આ માટેનું વિગતવાર રૂલીંગ પછીથી આપવાનું સભાગૃહમાં જાહેર કર્યુ હતું તદનુસાર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણેનો વિગતવાર નિર્ણય જાહેર કર્યો હતો.

" ગુજરાતના રાજયપાલશ્રીએ અગિયારમી ગુજરાત વિધાનસભાને સાતમા સત્ર માટે ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ મળવાનું આહવાન કર્યુ હતું. રાજયપાલશ્રીના આહવાન બાદ સરકાર તરફથી સરકારી કામકાજ તેને યોગ્ય લાગે તેવા ક્રમમાં ગોઠવીને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫ મુજબ વિધાનસભા સચિવાલયને મોકલી આપે છે. વિધાનસભામાં

સરકાર તરફથી રજૂ થનાર કામકાજને ધ્યાનમાં રાખીને વિધાનસભા સચિવાલય ગુજરાત વિધાનસભાના નિયમોને આધિન સભાઓની તારીખવાર યાદી કામચલાઉ રીતે તૈયાર કરે છે. સામાન્ય રીતે તે યાદી મુજબ સત્રના જે તે દિવસે કામકાજ હાથ ધરવામાં આવે છે પરંતુ કેટલાક સંજોગોમાં જો તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાય તો સુસ્થાપિત થયેલી કાર્યપધ્ધતિ મુજબ કામકાજ સલાહકાર સમિતિ તેમાં જરૂરિયાત મુજબના ફેરફાર કરવા ભલામણ કરે છે. સભાગૃહ જો કામકાજ સલાહકાર સમિતિની ભલામણોનો સ્વીકાર કરે તો ત્યારબાદ તે મુજબના ફેરફારો મુજબ સભાગૃહમાં કામકાજ હાથ ધરવામાં આવે છે.

કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ સાતમા સત્રની સુધારેલી સભાઓની તારીખવાર યાદીમાં બુધવાર, તા. ૧૬મી, ગુરૂવાર, તા. ૧૭મી અને શુક્રવાર તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ હાથ ધરવાનું દર્શાવવામાં આવ્યું હતું. તદુપરાંત ગુરૂવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના રોજ નિયમો મુજબ બિન–સરકારી કામકાજમાં બિન સરકારી સંકલ્પો પણ હાથ ધરવા માટે દર્શાવવામાં આવ્યા હતા અને તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫નો દિવસ સત્રનો છેલ્લો દિવસ હોવાથી છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ હાથ ધરવા માટે દર્શાવવામાં આવ્યો હતો પરંતુ સરકારી વિધેયકો માટે ફાળવેલા દિવસો દરમિયાન સરકારી વિધેયકોનું કામકાજ વહેલું પૂરૂં થઈ જાય તેમ લાગવાથી ઉકત ત્રણેય દિવસો માટે દર્શાવેલું કામકાજ જો એક દિવસ વહેલું પૂરૂં થઈ શકતું હોય તો તેની વિચારણા કરવા કામકાજ સલાહકાર સમિતિની બેઠક શુક્રવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૦૫ના રોજ મળી હતી. આ બેઠકમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને તેમના પક્ષના અન્ય બે સભ્યશ્રીઓ પણ હાજર રહયા હતા અને કામકાજ સલાહકાર સમિતિએ તેના સાતમા અહેવાલમાં અન્ય ભલામણની સાથે સાથે એવી પણ ભલામણ કરી હતી કે ગુરૂવાર, ૧૭મી માર્ચ, ૨૦૦૫ની બેઠકમાં બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલા સરકારી વિધેયેકો પૈકી જે વિધેયકો બાકી રહે તે સરકારી વિધેયેકો, બિન–સરકારી સંકલ્પો તેમજ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવા માટે દર્શાવવો. જો તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદીમાંથી જો સરકારી વિધેયકો ઉપરની વિચારણા બાકી રહે તો જ શુક્રવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ સભાગૃહની બેઠક રાખવી અને તેમાં બાકી રહેતા સરકારી વિધેયકો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

કામકાજ સલાહકાર સમિતિનો આ સાતમો અહેવાલ સોમવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો અને સભાગૃહે સર્વાનુમતે તે સ્વીકાર્યો હતો તદનુસાર ગુરૂવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૫ના દિવસના કામકાજની યાદી બહાર પાડવામાં આવી હતી અને તેમાં (૧) જે સરકારી વિધેયકો બાકી રહયા હોય તે સરકારી વિધેયકો (૨) બિન–સરકારી સંકલ્પો અને (૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ દર્શાવવામાં આવ્યો હતો. તદનુસાર સરકારી વિધેયકોને લગતું કામકાજ હાથ ધરવાના તબકકે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે એવી દરખાસ્ત કરી હતી કે સરકારી કામકાજ માટે હવે એક કલાકનો જ સમય રહે છે પરંતુ દિવસના કામકાજની યાદીમાં પાંચ વિધેયકો દર્શાવેલા છે તે જોતાં આ પાંચેય સરકારી વિધેયકો પહેલા હાથ ધરવામાં આવે અને તે કામકાજ પૂરૂં થાય પછી બિન–સરકારી સંકલ્પો હાથ ધરવામાં આવે. તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સભાગૃહમાં એવો આગ્રહ રાખ્યો હતો કે હજી સત્રનો આવતી કાલનો દિવસ પણ બાકી છે તેથી સરકારી વિધેયકો જે આજે હાથ ધરી ન શકાય તે અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ આજે નહીં લેતાં તેને તા. ૧૮મી માર્ચ, ૨૦૦૫ના રોજ ગૃહમાં હાથ ધરવામાં આવે. સરકાર પક્ષે અને વિરોધપક્ષે અલગ અલગ રજૂઆત થતાં મેં તે દિવસે વિરામ સમયમાં આ મડાગાંઠના ઉકેલ માટે કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવી હતી. તદનુસાર તે દિવસે સભાગૃહના વિરામ સમયમાં કામકાજ સલાહકાર સમિતિ મળી હતી અને સમિતિએ ગૃહ સમક્ષના કામકાજ બાબતે

વિચારણા હાથ ધરી હતી અને તેના આઠમા અહેવાલમાં એવી ભલામણો કરી હતી કે સભાગૃહની તા. ૧૭–૩–૦૫ની બેઠકનો સમય લંબાવીને યાદીમાં દર્શાવેલા પાંચ સરકારી વિધેયકો હાથ ધરવા અને પૂરા કરવા અને ત્યારબાદ બિન–સરકારી સંકલ્પો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો. સમિતિનો આઠમો અહેવાલ તદનુસાર સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો અને સભાગૃહે તેનો સ્વીકાર કર્યો હતો. મારે સભાગૃહના સભ્યોનું એ બાબતે પણ ધ્યાન દોરવાનું કે કામકાજ સલાહકાર સમિતિએ અગાઉ સભાગૃહ સમક્ષના બાકી કામકાજને લક્ષમાં લઈને સત્રના દિવસોમાં વધારો કરવાની કે ઘટાડો કરવાની ભલામણો કરેલી છે અને તે મુજબ સત્રના દિવસોમાં વધારો કે ઘટાડો કરવામાં આવેલ પણ છે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૧ની જોગવાઈ મુજબ કામકાજ સલાહકાર સમિતિ નિયમ–૧૫ની જોગવાઈને આધીન સરકારી વિધેયકો અથવા સરકારી કામકાજ કયા દિવસોએ અને કયા ક્રમમાં હાથ ધરવું તે અંગે સભાગૃહને ભલામણ કરી શકે છે. આ ઉપરાંત સમિતિ સરકારી વિધેયકો અથવા સરકારી કામકાજને કેટલો સમય ફાળવવો તે અંગેની પણ ભલામણ કરી શકે છે. નિયમ–૧૯૧(૨) મુજબ સમિતિએ અધ્યક્ષશ્રી સોંપે તેવી બીજી ફરજો પણ બજાવવાની રહે છે. તા. ૧૭–૩–૦૫ના રોજ સરકારી વિધેયક ઉપરની ચર્ચા દરમિયાન સંસદીય બાબતોના મંત્રીશ્રીએ બેઠકનો સમય લંબાવવા જે દરખાસ્ત કરી હતી તે દરખાસ્ત સંબંધે સભાગૃહમાં એકમતી ન સધાતા મેં તત્સમયે બાબત કામકાજ સલાહકાર સમિતિની વિચારણા અર્થે રજૂ કરવા આદેશ આપ્યો હતો અને તે રીતે જોતાં ગૃહની બેઠકનો સમય લંબાવીને ગૃહ સમક્ષનું બાકી કામકાજ પુરૂં કરવા અંગે સમિતિએ જે ભલામણ કરી હતી તે તેના કાર્યક્ષેત્રની મર્યાદા હેઠળની હતી અને સમિતિને સભાગૃહ સમક્ષની બાકી કામકાજની વિચારણા કરીને સત્રના દિવસોમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા નિયમોથી મળેલી છે અને તે કારણે મેં વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો હતો."

**(ગુ.વિ.સ., ચર્ચા પુસ્તક–૧૧૪: ૨૦૦૫)**

# સૂચિપત્ર


| વિષય | | નિર્ણય ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| અંદાજપત્ર | | | |
| | લેખાનુદાન પ્રસ્તાવ<br>લેખાનુદાન પ્રસ્તાવ ઉપરની ચર્ચા સામાન્ય સ્વરૂપની હોવી જોઈએ. | ૧ | |
| ચર્ચા | | | |
| | પોઈન્ટ ઓફ ઓર્ડર<br>કારોબારી અને ન્યાયતંત્ર<br>" સરકાર હાઈકોર્ટથી પણ ઉપરવટ હોય એ રીતે વર્તી રહી છે " તેવા ઉચ્ચારણો કારોબારી એ ન્યાયતંત્રથી ઉતરતા દરજ્જાની વ્યવસ્થા છે તેવો ભાવ પ્રગટ કરે છે. | ૨ | |
| | પોઈન્ટ ઓફ ઓર્ડર<br>ચૂંટણીપંચ જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવા બાબત. | ૩ | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન :<br>પોઈન્ટ ઓફ ઓર્ડર<br>(૧) જાહેર હિસાબ સમિતિની તપાસના કાર્યક્ષેત્ર બાબત<br>(૨) સમિતિઓને લગતી સામાન્ય જોગવાઈઓ જે તે સમિતિ માટે કરેલી ખાસ જોગવાઈઓને આધીન છે. | ૪ | |
| ઝીરો અવર્સ – | | | |
| | પોઈન્ટ ઓફ ઓર્ડર –<br>(૧) કેન્દ્ર સરકારે રચેલ સમિતિના અહેવાલ સંબંધમાં સ્પષ્ટતા કરવાઅંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય.<br>(૨) સ્થાપિત પ્રણાલી મુજબ સભ્યશ્રી, મંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રીની સંમતિથી શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરે તો તેમાં કોઈ નિયમ કે પ્રણાલીનો ભંગ થતો નથી. | ૫ | |

તાકીદની જાહેર અગત્યની બાબત –

પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરી –

નોટિસ આપનાર સભ્યશ્રીએ અનિવાર્ય અને આકસ્મિક સંજોગો સિવાય નોટિસ હાથ ધરવાના સમયે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. ૬

નિવેદન –

નિયમ–૪૪નું નિવેદન –

પોઈન્ટ ઓફ ઓર્ડર –

રાજયના ઉત્કર્ષ માટે કોઈ લાંબાગાળાની યોજનાની મંત્રીશ્રીએ જાહેરાત કરવાની હોય અને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે અધ્યક્ષશ્રીની પરવાનગી મેળવી મંત્રીશ્રી નિવેદન કરી શકે છે. ૭

પ્રશ્નો –

આક્ષેપ –

(૧) સભ્યશ્રીએ આક્ષેપ કરતી વખતે તેના સમર્થનમાં આધાર કે પુરાવા રજૂ કરવા જોઈએ.

(૨) સભ્યશ્રી ગૃહમાં જે કાંઈ રજૂઆત કરતા હોય છે તેની જવાબદારી પણ જે તે સભ્યશ્રીની હોય છે. ૮

પૂરક પ્રશ્નો –

ચર્ચાની સમય મર્યાદા –

દરેક તારાંકિત પ્રશ્નની ચર્ચા માટે પાંચ મિનિટની સમયમર્યાદા જાળવવી વ્યાવહારિક રીતે મુશ્કેલ છે ૯

પોઈન્ટ ઓફ ઓર્ડર –

મુખ્યમંત્રીશ્રી ગૃહના નેતા તરીકે ગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને ચર્ચામા દરમિયાન થઈ માર્ગદર્શન આપી શકે છે. ૧૦

પ્રશ્નકર્તા સભ્યશ્રીનું અંગતહિત –

મુખ્યમંત્રીશ્રીનો અધિકાર –

પૉઈન્ટ ઓફ ઓર્ડર દરમિયાન પૉઈન્ટ ઓફ ઓર્ડર–

(૧) જે બાબતમાં પોતાનું અંગતહિત સમાયેલું હોય તેવા પ્રશ્નો પૂછવાથી સભ્યશ્રીએ દૂર રહેવું જોઈએ

(૨) મંત્રી મંડળના વડા તરીકે મુખ્ય મંત્રીશ્રીને કોઈપણ ખાતાને લગતા પ્રશ્નો પર દરમિયાનગીરી કરવાનો કે માર્ગદર્શન આપવાનો અધિકાર છે.

(૩) એક પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો પૂર્ણ થયાબાદ જ બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય. ૧૧

નિરીક્ષણ –

સભ્યશ્રી ઈચ્છે તેવો પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપી ન શકે ૧૨

પ્રસ્તાવ –

પોઈન્ટ ઓફ ઓર્ડર –

અધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ–

૭ દિવસની ગણતરીમાં માત્ર સત્રના જ દિવસો ગણાય. ૧૩

બિન– સરકારી. સંકલ્પો –

પોઈન્ટ ઓફ ઓર્ડર –

(૧) સભાગૃહમાં હાજર ન હોય તેઓના નામનો ઉલ્લેખ ન કરવા બાબત

(૨) અસમાજિક તત્વો તરીકેની ખ્યાતિ ધરાવનારનો નામોલ્લેખ થાય તો તે ન ચલાવી લેવાય ૧૪

રાજયપાલશ્રીનું સંબોધન –

આભાર પ્રસ્તાવ –

મંત્રીશ્રીઓની ગેરહાજરી ૧૫

આભાર પ્રસ્તાવ –

રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર સુધારા આપનાર સભ્યશ્રીઓએ તેની ચર્ચા વખતે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ . ૧૬

વિધેયકો –

કામકાજ સલાહકાર સમિતિ –

રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવા સરકારી વિધેયકો પણ કામકાજ સલાહકાર સમિતિની ભલામણથી વિચારણામાં લઈ શકાય. ૧૭

કામકાજ સલાહકાર સમિતિ –

સમિતિ સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરીને તેની વિચારણા પૂરી કરવાની ભલામણ કરી શકે છે. ૧૮

ન્યાયતંત્રની ગરિમા –

ન્યાયતંત્રની ગરિમાને હાનિકર્તા ઉચ્ચારણો વકતવ્ય દરમિયાન કરવા જોઈએ નહીં. ૧૯

પુન : વિચારણા માટે પરત થયેલ વિધેયકો –

નામદાર રાષ્ટ્રપતિએ પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક નવું વિધેયક
ન હોવાથી તેનો રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરવો જરૂરી નથી. ૨૦

પોઈન્ટ ઓફ ઓર્ડર –

સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટે પ્રોરેટાનું ધોરણ – ૨૧

સમિતિ –

કામકાજ સલાહકાર સમિતિ –

ગૃહની બેઠકનો સમય લંબાવી ગૃહ સમક્ષનું બાકી કામકાજ પૂરું કરવા
કામકાજ સલાહકાર સમિતિ ભલામણ કરી શકે. ૨૨